અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ જાન્યુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૮ | અંક : ૨૦૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દિલ્હીમાં ભાજપના ચૂંટણી વચન

## કે.જી.થી પી.જી. સુધી મફત શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ૧૫ હજાર

### આ ચૂંટણી ઢંઢેરાના ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૧ ।

ભાજપે દિલ્હી ચૂંટણી માટે સંકલ્પ પત્ર ૨ જાહેર કર્યો છે. આ ચૂંટણી ઢંઢેરાના ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી છે. ભાજપે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કે.જી.થી પી.જી. સુધીનું શિક્ષણ મફત આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનોને ૧૫,૦૦૦ની આર્થિક સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બે ગણી મુસાફરી અને અરજી ફી આપવામાં આવશે.

**સંકલ્પ પત્ર-૨માં ભાજપના વાયદા**

- અમે દિલ્હીના યુવાનોને રાજ્યની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે રૂ. ૧૫ હજારની આર્થિક સહાય આપીશું જેથી કરીને અમારા યુવાનો ઉત્તમ પરિણામ આપી શકે.

અમે દિલ્હીમાં ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ સ્કીમ લાવશું. આ શિષ્યવૃત્તિ યોજના ભીમરાવ આંબેડકરના નામે શરૂ કરાશે. આ અંતર્ગત, અમે ITI અને સ્કિલ સેન્ટર પોલિટેકનિક વગેરેમાં અભ્યાસ




કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપીશું.

● અમે ઓટો અને ટેક્સી ડ્રાઈવરો માટે ઓટો-ટેક્સી કલ્યાણ બોર્ડની રચના કરીશું. જે અંતર્ગત રૂ. ૧૦ લાખ સુધીનો જીવન આધાર વીમો અને રૂ. ૫ લાખ સુધીનો અકસ્માત વીમો આપશે.

● ઉચ્ચ શિક્ષણ મેળવનારા ટેક્સી ડ્રાઈવરો અને ઓટો ડ્રાઈવરોના બાળકોને પણ સ્કોલરશિપ આપવામાં આવશે.

● દિલ્હીમાં ભાજપની સરકાર આવ્યા બાદ ૪ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને PM સ્વાનિધિ યોજનાનો લાભ મળશે

● દિલ્હીમાં પણ રિસ્કિલિંગ અને અપસ્કિલિંગને પ્રોત્સાહન આપવાનું કામ ભાજપ સરકાર કરશે.

**સંકલ્પ પત્ર -૧માં કરવામાં આવ્યા હતા આ વાયદા**

● ભાજપે દિલ્હીમાં મહિલાઓ માટે 'મહિલા સમૃદ્ધિ યોજના' હેઠળ ૨,૫૦૦ રૂપિયાની માસિક સહાયની જાહેરાત કરી છે.

● ભાજપ દિલ્હીના ગરીબ વર્ગની મહિલાઓને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર આપશે. તેમજ હોળી અને દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવામાં આવશે.

● જો ભાજપ સત્તામાં આવશે તો પહેલી કેબિનેટ બેઠકમાં દિલ્હીમાં 'આયુષ્માન ભારત' લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર ૫ લાખ રૂપિયાનું વધારાનું હેલ્થ કવર પણ આપશે. તેમજ રાજ્ય સરકાર વધારાના રૂ. ૫ લાખનું હેલ્થ કવર આપશે.

● છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૧૪ નક્સલ ઠાર, તેના માથે એક કરોડનું ઈનામ હતું.

● વરિષ્ઠ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધી મફત સારવાર આપવામાં આવશે, તેમજ મફત OPD તબીબી અને નિદાન સેવાઓ પણ આપવામાં આવશે.

● વરિષ્ઠ નાગરિકોનું પેન્શન દર મહિને રૂ. ૨૦૦૦થી વધારીને રૂ. ૨૫૦૦ અને ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ, નિરાધાર અને ત્યજી દેવાયેલી સ્ત્રીઓનું પેન્શન રૂ. ૨૫૦૦થી વધારીને રૂ. ૩૦૦૦ પ્રતિ માસ કરવામાં આવશે.

● જે. જે. ક્લસ્ટરોમાં અટલ કેન્ટીનની સ્થાપના કરીને, માત્ર રૂ. ૫માં પૌષ્ટિક ખોરાકની સુવિધા આપવામાં આવશે.

---

### ચૂંટણી કમિશનર ડો. એસ. મુરલીકૃષ્ણએ ચૂંટણીઓની જાહેરાત કરી

## ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે

### રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે, ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે અને 3 ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૫, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. હવે, ૧૬ ફેબ્રુરીએ મતદાન કરવામાં આવશે, અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ મતગણતરી થશે. આ ચુંટણીમાં ૨૭% ઓબીસી અનામતનો અમલ કરવામાં આવશે. આ ચૂંટણી ૧ મનપા, ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતો માટે યોજાશે, જેમાં કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન થશે.અમદાવાદની બાવળા, સાણંદ, ધંધુકા પાલિકાનીચૂંટણીનીતારીખોજાહેરથશે.ઉપરાંત ગાંધીનગરની માણસા, ખેડાની મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા, આણંદની આંકલાવ, બોરિયાવી, ઓડ, મહિસાગરની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર, સાબરકાંઠાની ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ,પાટણની હારીજ, ચાણસ્મા, રાધનપુર,મહેસાણાની ખેરાલુ, વડનગર,બનાસકાંઠાની ધાનેરા, વડોદરાની કરજણ, છોટાઉદેપુર, દાહોદની ઝાલોદ અને દેવગઢ બારિયા,પંચમહાલની કાલોલ, હાલોલ, નવસારીની બિલીમોરા, વલસાડ, પારડી, ધરમપુર, જામનગરની જામજોધપુર, ધ્રોલ, કાલાવડ, દ્વારકાની સલાયા, દ્વારકા, ભાણવડ પાલિકાની યોજાશે.

ઉપરાંત જૂનાગઢની બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી પાલિકાની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાશે. જૂનાગઢની માંગરોળ, ચોરવાડ, ગીર સોમનાથના કોડીનાર, કચ્છની રાપર, ભચાઉ પાલિકાની ચૂંટણીની તારીખ આજે જાહેર થશે. અમરેલીની લાઠી, ચલાલા, જાફરાબાદ, રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર થશે. ભાવનગરની સિહોર, ગારિયાધાર, તળાજા પાલિકાની ચૂંટણી યોજાશે. તદપરાંત રાજકોટની જસદણ, ભાયાવદર, જેતપુર, ઉપલેટા, ધોરાજી પાલિકાની પણ ચૂંટણી યોજાશે. મોરબીની હળવદ પાલિકાની પણ ચૂંટણી યોજાશે, પોરબંદરની કુતિયાણા, રાણાવાવ પાલિકા ઉપરાંત બોટાદ, મોરબીની વાંકાનેર પાલિકાની પેટાચૂંટણી યોજાશે, કુલ ૬૯ પાલિકા અને ૧ મહાનગર પાલિકની ચૂંટણીની ટાઈમ ટેબલ આજે જાહેર થયું છે.

---

## ન્યૂઝ બ્રિફ

### પ્રયાગરાજની સાથે અયોધ્યામાં પણ ધનવર્ષા, વેપારીઓની આવકનો અધધ આંકડો

। ઉત્તરપ્રદેશ, તા.૨૧ ।

મહાકુંભ સ્નાનને કારણે રામ મંદિર નિર્માણ કાર્ય પ્રભાવિત થયું છે. જોકે, મહાકુંભ સ્નાન કર્યા પછી, લાખો ભક્તો રામ લલ્લાના દર્શન કરવા માટે અયોધ્યા પહોંચી રહ્યા છે. દરરોજ ૨ લાખથી વધુ ભક્તો રામલલ્લાના દર્શન કરી રહ્યા છે. ૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓના આગમનથી અયોધ્યામાં વેપાર પણ વધ્યો છે. જેનો સીધો ફાયદો અયોધ્યાના રહેવાસીઓ સાથે અયોધ્યાના વેપારીઓને પણ થઈ રહ્યો છે. રામ લલ્લાના આગમનથી અયોધ્યાના અર્થતંત્રને એક નવી ગતિ મળી છે, જેને મહાકુંભના ભક્તોએ વધુ વેગ આપ્યો છે, જેના કારણે વેપારીઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. છેલ્લા ૧૫ દિવસ અયોધ્યા માટે ખૂબ જ સુખદ રહ્યા છે.

### બિહારના વ્યકિતએ રાહુલ ગાંધીની ટીપ્પણી બદલ રૂ. ૨૫૦ નુકસાન થતા કેસ કર્યો

। બિહાર, તા.૨૧ ।

બિહારમાં એક વ્યક્તિએ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો કે તેણે દૂધ ભરેલી ડોલ પડી ગઈ હતી જેના કારણે તેને ૨૫૦ રૂપિયાનું નુકસાન થયું હતું. પીડિત ફરિયાદી મુકેશ કુમાર ચૌધરીએ દાવો કર્યો હતો કે રાહુલની ટિપ્પણી સાંભળીને તેને આંચકો લાગ્યો હતો. કે "ભાજપ અને આરએસએસે દરેક સંસ્થા પર કબજો કરી લીધો છે, અને હવે અમે ભાજપ, આરએસએસ અને ખુદ ભારતીય રાજ્ય સામે લડી રહ્યા છીએ." ચૌધરીએ કહ્યું, "હું એવી આઘાતની સ્થિતિમાં હતો કે મારી પાંચ લિટર દૂધથી ભરેલી ડોલ, જેની કિંમત ૫૦ રૂપિયા પ્રતિ લિટર છે, મારા હાથમાંથી સરકી ગઈ. રાહુલ ગાંધી રાષ્ટ્રની સાર્વભૌમત્વને ધમકી આપી રહ્યા હતા."

---

## છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૧૪ નક્સલ ઠાર

### કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૧ ।

છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૧૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે. અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે સવારે વધુ ૧૨ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી



પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરૂદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસમાં વધુ નક્સલવાદીઓના શબ મળવાની સંભાવના છે. હાલ જપ્ત કરવામાં આવેલા મૃતદેહોની ઓળખ થઈ રહી છે. છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરૂણ સાઉએ ગારિયાબંદ એન્કાઉન્ટર વિશે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલ મુક્ત દેશ બનાવવા માગે છે. જેના ભાગરૂપે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ૧૪ નક્સલીઓને ઠાર મારવાની કવાયત પ્રશંસનીય છે.

---

### પાપારાઝી પર ભડકી કરીના કપૂર કહ્યું- 'બસ કરો હવે, અમને એકલા છોડી દો'

। મુંબઈ, તા.૨૧ ।

સૈફ અલી ખાન પર થયેલા હુમલા બાદ હવે જઈને કરીના કપૂરે મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે અને તેને પાપારાઝીને આંડે હાથ લીધા છે. કરીનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પોતાનો ગુસ્સો ઠાલવ્યો જો કે થોડી જ મિનિટોમાં તેને પોસ્ટ ડિલીટ કરી દીધી. કરીના હાલમાં થોડા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. ત્યારે તેમના બાળકો અંગેની નવી પોસ્ટે તેને પરેશાન કરી મૂકી છેકરીનાની આ પ્રતિક્રિયા બાદ ચાહકોએ પણ તેને સપોર્ટ કર્યો છે.

---

### બીજા ઘરમાં શિફ્ટ થવાની તૈયારી, સુરક્ષા પણ વધારાઈ

## અભિનેતા સૈફ અલી ખાનને લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

। મુંબઇ,તા.૨૧ ।

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનને હવે લીલાવતી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. છ દિવસ સુધી ડોક્ટરોના નિરીક્ષણ હેઠળ રહ્યા બાદ, સૈફ અલી ખાન ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યો છે. અભિનેતાની તબિયતમાં સુધારો જોઈને ડોક્ટરોએ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દીધી છે. તેમને લેવા માટે કરીના કપૂર ખાન તેના પતિ સૈફને લેવા હોસ્પિટલ પહોંચ્યા છે. અહેવાલો અનુસાર, સૈફ અલી ખાનને બીજા ઘરમાં શિફ્ટ કરાશે અને તેમની સુરક્ષા વધારો કરી દેવામાં આવ્યો છે. સૈફ અલી



ખાન પર થયેલાં હુમલાના આરોપી મહોમ્મદ શરીફુલ ઈસ્લામ શહેઝાદ સાથે પોલીસ પૂછપરછ કરી રહી છે. આરોપીને લઈને મુંબઈ પોલીસ સૈફ અલી ખાનના ઘરે પહોંચી હતી. જ્યાં હુમલાના દિવસે બનેલી ઘટનાને રિક્રિએટ કરવામાં આવી હતી. આ દરમિયાન મુંબઈ પોલીસને ઘટનાસ્થળેથી શરીફુલના ૧૯ ફિંગરપ્રિન્ટ મળ્યા છે.

---

## બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ધરપકડ વોરંટ

। (એજન્સી) કેરળ, તા.૨૧ ।

કેરળની એક કોર્ટે ભ્રામક જાહેરાતના કેસમાં યોગ ગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. મળતી માહિતી પ્રમાણે ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટએ બાબા રામદેવ, બાલકૃષ્ણ અને દિવ્યા ફાર્મસી વિરુદ્ધ વોરંટ જારી કર્યું. પલક્કડના ડ્રગ ઈન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે ડ્રગ્સ અને ચમત્કારિક ઉપચાર એટલે કે વાંધાજનક જાહેરાતો અધિનિયમ, ૧૯૫૪ ની કલમ 3(D) અને કલમ 7(A) હેઠળ કેસ દાખલ કર્યો હતો. ૧૬ જાન્યુઆરીના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટે આપેલા આદેશમાં કહ્યું હતું કે, 'ફરિયાદી ગેરહાજર છે. અને તમામ આરોપીઓ ગેરહાજર છે. બધા આરોપીઓ માટે જામીન પાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા છે.' પલક્કડ જિલ્લા કોર્ટની વેબસાઈટ પરના કેસ સ્ટેટસ પ્રમાણે હવે આગામી તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ સુનાવણી કરવામાં આવશે. બાબા રામદેવ સામે તેમના વિવિધ ઉત્પાદનોને લઈને કરાતી જાહેરાતો મુદ્દે પહેલી વાર કાર્યવાહી નથી થઈ. આ પહેલા પણ કોરોના મટાડવાનો દાવો કર્યા પછી ડોક્ટરોના સંગઠને તેમનો વિરોધ કર્યો હતો. આ સિવાય તેઓએ એઈડ્સ અને સમલૈંગિકતા મટાડવાના દાવાના કારણે પણ તેમની સામે કાર્યવાહી થઈ ચૂકી છે.

---

## વૈષ્ણવી મહિલા અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં હેટ્રિક લેનારી પ્રથમ ભારતીય

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૧ ।

ભારતની વૈષ્ણવી શર્માએ ઈતિહાસમાં પોતાનું નામ લખી દીધું છે કારણ કે તે મહિલા અંડર-૧૯ T20 વર્લ્ડ કપમાં હેટ્રિક લેનારી પ્રથમ ભારતીય બોલર બની ગઈ છે. વૈષ્ણવીએ મલેશિયા સામેની ગ્રુપ છ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ૪ ઓવરમાં ૫ રન આપીને ૫ વિકેટ લીધી હતી, જેમાં એક મેડન ઓવર પણ સામેલ હતી. વૈષ્ણવીના જોરદાર પ્રદર્શનના કારણે ભારતે મલેશિયાને ૧૦ વિકેટે હરાવીને મોટી જીત નોંધાવી હતી. આ ટૂર્નામેન્ટમાં ભારતની આ સતત બીજી જીત છે. આ પહેલા ટીમે વેસ્ટ ઈન્ડિઝને ૦૯ વિકેટે હરાવ્યું હતું. મલેશિયા તરફથી કોઈ પણ બેટ્સમેન ડબલ ડિજિટ સુધી પહોંચી શક્યો નહોતો અને ભારતીય મહિલા ટીમે ટોસ જીતીને મલેશિયાને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ વૈષ્ણવીએ તેની શક્તિશાળી બોલિંગથી મલેશિયાનો દાવ ૧૪.૩ ઓવરમાં ૩૧ રનમાં સમેટાઈ ગયો હતો. મલેશિયા માટે કોઈ ડબલ ફિગર સુધી પહોંચી શક્યું ન હતું અને વિકેટકીપર બેટ્સમેન નૂર આલિયા હૈરુન અને હુસ્નાએ ૫-૫ રન બનાવ્યા હતા. ભારત તરફથી વૈષ્ણવી સિવાય આયુષી શુક્લાએ ૩ અને જોશિતા વીજેએ ૧ વિકેટ ઝડપી હતી. ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે માત્ર ૨.૫ ઓવરમાં કોઈપણ નુકશાન વિના ૩૨ રન બનાવીને મેચ જીતી લીધી હતી.

---

### CM આતિશીએ નોંધાવી ફરિયાદ

## રમેશ બિધૂડીના ભત્રીજાએ 'AAP'ના કાર્યકરો સાથે મારપીટ કરી

।(એજન્સી) નવીદિલ્હી, તા.૨૧।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આક્રમક અને વિવાદાસ્પદ ટીપ્પણીઓ કરનારા રમેશ બિધૂડીના ભત્રીજાએ આમ આદમી પાર્ટીના કાર્યકરો સાથે મારપીટ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ ઉમેદવાર રમેશ બિધૂડીના ભત્રીજા પર આમ આદમી પાર્ટીના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા, મારપીટ કરવા અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભાજપ ઉમેદવાર રમેશ બિધૂડીના ભત્રીજા રિષભ બિધૂડી પર કાલકાજી મત વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોને ડરાવવા-ધમકાવવા, મારપીટ કરવા અને હુમલો કરવાનો આરોપ મૂક્યો છે. આતિશીએ ચૂંટણી પંચ સમક્ષ આ મુદ્દે ફરિયાદ કરી છે. તેમણે પંચને કાલકાજીમાં પેરા મિલિટ્રી ફોર્સ તૈનાત કરવાની માગ કરી છે. ચૂંટણી પંચના એક અધિકારીને પત્ર લખી આતિશીએ જણાવ્યું છે કે, કાલકાજી મત વિસ્તારમાં બિધૂડીના ભત્રીજાની ગુંડાગર્દી વધી છે. તે ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

---

### રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે

## મહાકુંભમાં સ્નાન કરવા પહોંચ્યા ગૌતમ અદાણી, ISKCON ભંડારામાં સેવા આપી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૧ ।

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તેમના પત્ની પ્રીતિ અદાણી સાથે મહાકુંભ પહોચ્યાં છે. આ દરમિયાન, તેમણે તેમની પત્ની સાથે મળીને ઈસ્કોન મંદિરના કેમ્પમાં લોકોને ભોજનનું વિતરણ કર્યું. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ અને ઈસ્કોને પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ભક્તોને ભોજન પીરસવા માટે હાથ મિલાવ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધીના મહાકુંભ મેળાના સમગ્ર સમયગાળા દરમિયાન મહાપ્રસાદ સેવા પૂરી પાડવામાં આવી રહી છે. ગૌતમ અદાણી પણ સંગમમાં ડૂબકી લગાવવા પહોંચ્યા છે. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે ડૂબકી મારતા જોવા મળી રહ્યા છે. આ અગાઉ ઈન્ફોસિસ ગ્રુપના સ્થાપક



નારાયણ મૂર્તિના પત્ની અને રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે. સુધા મૂર્તિ પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા મહારાજા ટેન્ટમાં રહે છે. અત્યાર સુધીમાં ૮ કરોડ ૩૦ લાખથી વધુ ભક્તો મહાકુંભમાં સ્નાન કરી ચૂક્યા છે. ગૌતમ અદાણીનો મહાકુંભના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો કાર્યક્રમ હતો.

---

### બ્રાહ્મણ સમુદાયે દેશના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું

## બંધારણ ઘડવામાં બ્રાહ્મણોનું પણ યોગદાન : જસ્ટિસ કૃષ્ણા દીક્ષિત

। (એજન્સી) બેંગલુર, તા.૨૧ ।

ભારતનું બંધારણ તૈયાર કરવા માટે રચાયેલી મુસદ્દા સમિતિના ૭ સભ્યોમાંથી ત્રણ બ્રાહ્મણો હતા. બંધારણ ઘડવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું અને તેમાંથી એક બીએન રાવની આંબેડકરે પોતે પ્રશંસા કરી હતી. બ્રાહ્મણ મહાસભાના કાર્યક્રમમાં પહોંચેલા કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ કૃષ્ણા એન. દીક્ષિતે આ અંગે જણાવ્યું હતું. તેમના સિવાય અન્ય જસ્ટિસ વી.શ્રીશાનંદે પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. બેંગલુરુમાં બે દિવસીય કાર્યક્રમમાં જસ્ટિસ કૃષ્ણા એન. દીક્ષિતે કહ્યું કે બ્રાહ્મણ સમુદાયે દેશના વિકાસમાં ઘણું યોગદાન આપ્યું છે. બંધારણના મુસદ્દામાં બ્રાહ્મણોનું યોગદાન એટલું હતું કે ભીમરાવ આંબેડકરે ખુદ તેની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આંબેડકરે કહ્યું હતું કે જો બીએન રાવે બંધારણ ન બનાવ્યું હોત તો તેને તૈયાર કરવામાં હજુ ૨૫ વર્ષનો સમય લાગત.આ ઉપરાંત ભીમરાવ આંબેડકરના જીવનમાં તેમના બ્રાહ્મણ શિક્ષકના યોગદાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ભીમરાવ આંબેડકરના કૃષ્ણજી નામના શિક્ષકે જ તેમને આંબેડકર અટક આપી હતી, જે પહેલા આંબાવડેકર હતી.

## છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ પણ જીપીએસસી પરીક્ષા માટે અરજી કરી શકશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન હસમુખ પટેલે આજે ઉમેદવારો માટે મહત્વની જાહેરાતો કરી છે. GPSC ની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે કોલેજ કે સમકક્ષ સંસ્થાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. બોર્ડની મિટિંગમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો તેમજ પરીક્ષકોને સરળતા રહે તે માટે મહત્ત્વના ત્રણ નિર્ણય લીધા આ નિર્ણયો વિશે ખુદ આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરી માહિતી આપી છે. પ્રથમ નિર્ણય એ છે કે અનુભવ જરી ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓ અરજી કરી શકશે. છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પણ અરજી કરી શકે તેવી ગઈકાલની રજૂઆતને પગલે અનુભવ સિવાયની તમામ ભરતીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારો અરજી કરી શકે તથા કેટેગરીનું પ્રમાણપત્ર ન હોય તેવા લોકો પણ કેટેગરી માં અરજી કરી શકે તેવો નિર્ણય આજે આયોગ લીધેલ GPSC ના ચેરમેન હસમુખ પટેલે મીડિયા સંબોધનમાં મહત્વની જાહેરાત કરતા કહ્યું કે, અનુભવની જરૂર ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. લેક્ચરર ફિઝીયોથેરાપી ની ચાલુ ભરતીમાં રજૂઆત બાદ નિર્ણય લેવાયો છે. છેલ્લા વર્ષની વિદ્યાર્થીનીઓએ રજૂઆત કરી હતી કે તેમને તક આપવામાં આવે. ફિઝીયોથેરાપીની અંતિમ વર્ષની વિદ્યાર્થીનીઓને પણ તક આપ વાનો નિર્ણય લેવાયો છે. આયોગની ભરતીમાં અનુભવની જરૂર ન હોય તો કોલેજમાં અંતિમ પરિક્ષામાં અભ્યાસ કરતા ઉમેદવારોને પરીક્ષા આપવાની તક મળશે. આ સાથે જ તજજ્ઞોની ફી બમણી કરવાનો નિર્ણય પણ લેવાયો છે. GPSC માં પેપર સેટ કરતા તજજ્ઞોની ફી બમણી કરવામાં આવશે. પરીક્ષાની દ્રષ્ટીએ ઉમેદવારોના ફાયદાની સાથે પરીક્ષકના મહેનતાણામાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં તેમણે આયોગમાં પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો ભૂખ્યા ન રહે તે બાબતનું ધ્યાન રાખીને મહત્વની જાહેરાત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આસિસ્ટન્ટ મેનેજર અનિલ અને નાગરિક પુરવઠાની ભરતી પરીક્ષામાં આન્સર કીમાં ભૂલો જણાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતી સંદર્ભે ઓબ્જેક્શન સિસ્ટમ હાલ હોલ્ડ પર મૂકાઈ છે. આસિસ્ટન્ટ મેનેજરની ભરતીની પરીક્ષામાં ઓબ્જેક્શન સિસ્ટમ હાલ લાગુ કરવામાં નહીં આવે.

### ૧૯૯૬માં SKAT ટીમની સ્થાપના કરવામાં આવી હતી

## ભારતીય વાયુસેના દ્વારા વડોદરા ખાતે બે દિવસ એર શો આયોજન

### વડોદરા પછી ૨૫-૨૬ જાન્યુ. ના રોજ જામનગર, ૨૯ જાન્યુ. ના રોજ નલિયા અને ૩૧ જાન્યુ. થી ૧ ફેબ્રુ. દરમિયાન ભુજમાં યોજાશે એર શો

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ (SKAT) વર્ષ ૨૦૨૫નો પ્રારંભે જ ગુજરાત પ્રવાસ સાથે કરવાની તૈયારી કરી લીધી છે. જેના ભાગરૂપે તારીખ ૨૧ અને ૨૨ ના રોજ વડોદરામાં એરોબેટિક પ્રદર્શન કરશે.

વડોદરા ખાતે એર શો પછી ૨૫-૨૬ જાન્યુઆરી ના રોજ જામનગર, ૨૯ જાન્યુઆરીના રોજ નલિયા અને ૩૧ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી દરમિયાન ભુજમાં એર શો યોજાશે.૧૯૯૬માં SKAT ટીમની સ્થાપના કરવામાં આવી હતી. આ ટીમ એશિયામાં એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ હોવાનું પ્રતિષ્ઠિત બિરૂદ ધરાવે છે અને તે વિશ્વની અમુક શ્રેષ્ઠ ટીમોમાંથી એક ગણવામાં આવે છે.

આ ટીમે ભારતમાં ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને UAE જેવા દેશોમાં ૭૦૦ કરતાં વધુ પ્રદર્શનો કર્યા છે. સૂર્યકિરણ



ટીમમાં ૯ હૉક સ૧૩૨ વિમાનો સામેલ કરવામાં આવ્યા છે, જે ભારતમાં ઉત્પાદિત અને લાઈસન્સ પ્રાપ્ત છે અને ૫ મીટર કરતાં ઓછા અંતરે ખૂબ જ નજીકથી ઉડાન ભરી શકે છે. ગ્રુપ કેપ્ટન અજય દસરથી અને ડેપ્યૂટી લીડર ગ્રુપ કેપ્ટન સિદ્ધેશ કાર્તિકના નેતૃત્વ હેઠળની ટીમમાં ૧૪ પાઈલટ છે.

### લગ્નમાં જતા પરિવારનો પકવાન પાસે અકસ્માત

## શિવરંજની બ્રિજના છેડે હિટ એન્ડ રન, રોડ ક્રોસ કરનાર આધેડનું મોત

### મૂળ રાજસ્થાનના ૫૫ વર્ષીય ગેરીલાલ ચોબીસા સેટેલાઈટમાં રહેતા હતા અને એક બંગલામાં કામ કરતા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

શહેરમાં વધુ એક હીટ એન્ડ રનની ઘટના બની છે. શિવરંજની બ્રિજના છેડેથી રોડ ક્રોસ કરી રહેલા આધેડને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા મોત નિપજ્યું હતું. જ્યારે વેજલપુરમાં રહેતું દંપતી કલોલ ખાતે લગ્નમાં જવા નીકળ્યુ હતું. પતિએ એક્ટિવા પરથી બેલેન્સ ગુમાવતા પાછળ બેઠેલી પત્ની રોડ પર પટકાઈ હતી. ઈજાગ્રસ્ત મહિલાને હોસ્પિટલ લઈ જવાયા બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું.

બંને ઘટનાને લઈને એન અને એસજી-૨ ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ રાજસ્થાનના ૫૫ વર્ષીય ગેરીલાલ ચોબીસા સેટેલાઈટમાં રહેતા હતા અને એક બંગલામાં કામ કરતા હતા. ગેરીલાલ ગત તા.૧૬ના રોજ રાત્રે કામ પતાવીને શિવરંજની બ્રિજના છેડેથી રોડ ક્રોસ કરતા હતા ત્યારે બ્રિજ પરથી આવેલા અજાણ્યા વાહનના ચાલકે પૂરઝડપે આવીને ગેરીલાલને



ટક્કર મારી હતી. ગેરીલાલ હવામાં ફંગોળાઈને રોડ પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. લોકોએ ગેરીલાલને સારવાર માટે ખસેડ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના ડોકટરે મૃત જાહેર કરતા એન ડિવિઝન ટ્રાફિક પોલીસે તપાસ હાથ ધરી છે.

## ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ પી.આર.ટી. મીટીંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

આજ રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીલવાઠાકોર સમાવિષ્ઠ આઠ ગ્રામ પંચાયતોના વડીલ આગેવાનો, ગ્રામ જનોની ઉપસ્થિતિમાં ટી.બી.મુક્ત ભારત અંતગર્ત બેઠક યોજવામાં આવી જેમા ડૉ.મનિષાબેન ભુરીયા,ડૉ. રોમીત નાયક ધ્વારા પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૨૫ અન્વયે ટીબી રોગ નિર્મૂલન જનભાગીદારીથી દર્દીના નિર્મૂલન માટે પોષણ સહાય આપવાની યોજના શરૂ કરાઈ છે યોજનામાં વિવિધ સરકારી ક્ષેત્રે ચુંટાયેલા જન પ્રતિનિધિઓ સંસ્થાઓ કે સમાજીક કાયૅકર કે નાગરીકો વ્યક્તિગત ધોરણે ટીબીના દર્દી ને પોષણ સહાય અપાવવા માટે દત્તક લઈ શકે છે માહિતી ગાર કરી માર્ગદર્શન આપવામાં આવ્યુ. જેમાં ઉપસ્થિત લીલવાઠાકોર સરપંચ વાલાબેન, ઉપ સરપંચ અને આગેવાન પૂર્વ તાલુકા પંચાયત ઝાલોદ સભ્ય મુકેશભાઈ ખાંગુડા,તેમજ તાલુકા પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયત ના સરપંચો, દરેક ગામમાંથી વડીલ, આગેવાનો ભાઈઓ અને બહેનો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ હાજર રહ્યા હતા.

## બેટ દ્વારકામાં વિવાદીત બાંધકામોમાં ડ્રગ ટ્રાફિકિંગ થતું હોવાનો સરકારનો દાવો



। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

બેટ દ્વારકામાં દરગાહ સહિતની જગ્યાઓના ડિમોલિશનની સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન થઈ છે અને એમાં હાઈકોર્ટે અગાઉ સ્ટેટસ ક્વો(યથાવત સ્થિતિ) જાળવી રાખવાનો આદેશ કર્યો હતો. સોમવારે આ કેસની સુનાવણીમાં સરકાર તરફથી મુખ્ય સરકારી વકલી જી.એચ. વિર્કે આ સ્ટેટસ ક્વો દૂર કરવાની દલીલ કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે સરકારી તપાસમાં બહાર આવ્યું છે કે આ વિવાદીત બાંધકામોનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગમાં થતો હતો. એટલું જ નહીં દરગાહના મુજાવર દ્વારા વિસ્ફોટકો અહીં રખાતા હતા. બીજી તરફ અરજદાર પક્ષે જવાબ રજૂ કરવા મુદત માગતા કેસની સુનાવણી મંગળવારના રોજ મુકરર કરાઈ છે. આ મામલે રાજ્ય સરકાર તરફથી એવી ધારદાર દલીલ કરવામાં આવી હતી કે,'અરજદારો વિરૂદ્ધ એવા મટિરિયલ મળ્યા છે કે તેમણે રિટ પિટિશનમાં મિસરિપ્રેઝન્ટેશન કર્યું છે અને કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. આ મામલે અરજદારોના જે બાંધકામોને નહીં તોડવા માટેનો સ્ટેટસ ક્વોનો આદેશ નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે, પરંતુ સરકાર તરફથી અમે એવો દાવો કરીએ છીએ કે અમને તપાસમાં મળી આવ્યું છે કે જે વિવાદીત બાંધકામો છે એનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગ(ડ્રગ્સની હેરાફેરી) માટે કરવામાં આવતો હતો. અહીં બોમ્બ બ્લાસ્ટ પણ થયો હતો અને દરગાહના મુજાવર વિસ્ફોટકો રાખતાં હોવાનું પણ સામે આવ્યું હતું. તેથી સરકારને આ કેસમાં અરજન્સી છે અને સ્ટેટસ ક્વો દૂર કરવામાં આવે એવી માગ છે.' સરકાર તરફથી એવી દલીલ પણ કરવામાં આવી હતી કે,'આ વિવાદીત સંપત્તિઓ વકફની છે જ નહીં. બે અરજીઓમાં તો જમીન કબ્રસ્તાનની છે. ત્યારે સરકાર દ્વારા સેટેલાઈટ ઈમેજીસ લેવામાં આવી છે અને એમાં એવું સામે આવ્યું છે કે કબ્રસ્તાનની જમીન પર દબાણકર્તાઓએ વિશાળ બાંધકામો ખડકી દીધા છે. કબ્રસ્તાનની જમીન ઉપર આવા બાંધકામો કઈ રીતે શક્ય છે.

### દુબઈ કરતા પ્રયાગરાજની ટિકિટ મોંઘી

## અમદાવાદથી પ્રયાગરાજની ફ્લાઈટની ટિકિટ મોંઘી થઈ

### ઉત્તર પ્રદેશમાં મહાકુંભને કારણે અમદાવાદથી ફ્લાઈટ ટિકિટના ભાવ ૩૦થી ૩૫ હજાર રૂપિયા થઈ ગયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી મહાકુંભ મેળાની શરૂઆત થઈ હતી. મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે દેશ-વિદેશથી ભક્તો પહોંચી રહ્યાં છે. મહાકુંભમાં પ્રથમ શાહી સ્નાનમાં કરોડો લોકોએ આસ્થાની ડૂબકી લગાવી હતી. ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો પ્રયાગરાજ જઈ રહ્યાં છે અને જવાના છે. પરંતુ ગુજરાતમાંથી પ્રયાગરાજ પહોંચવું મોંઘુ પડી રહ્યું છે. પ્રયાગરાજ જવા માટે ગુજરાતથી મર્યાદિત સંખ્યામાં ટ્રેન સેવા ચાલી રહી છે. રેલવેએ જરૂર સ્પેશિયલ ટ્રેન સેવા શરૂ કરી છે પરંતુ ટ્રેનની ટિકિટ મળવી મુશ્કેલ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશ તરફ જતી બધી ટ્રેનોમાં વેઈટિંગ લિસ્ટ ચાલી રહ્યું છે. તેવામાં ફ્લાઈટની ટિકિટના ભાવ આસમાને પહોંચી ગયા છે. અમદાવાદથી પ્રયાગરાજ સીધી ફ્લાઈટની ટિકિટ સામાન્ય દિવસોમાં ૭ હજાર રૂપિયા આસપાસ હોય છે, પરંતુ મહાકુંભને કારણે અમદાવાદથી ફ્લાઈટ ટિકિટના ભાવ ૩૦થી ૩૫ હજાર રૂપિયા થઈ ગયા છે. અમદાવાદથી પ્રયાગરાજનું ભાડું દુબઈ, શ્રીલંકા અને વિયતનામ કરતા પણ મોંઘુ થઈ ગયું છે. આ વચ્ચે ટ્રાવેલ્સ સંચાલકોનું કહેવું છે કે ગુજરાતથી સપ્તાહમાં માત્ર ત્રણ ટ્રેન જતી હોવાને કારણે લાંબુ વેઈટિંગ ચાલી રહ્યું છે. ટ્રાવેલર્સે સરકાર પાસે ગુજરાતથી પ્રયાગરાજ દરરોજ બે ટ્રેન ચલાવવાની માંગ કરી છે. ટ્રાવેલર્સનું કહેવું છે કે ફ્લાઈટના ભાડા લોકોને પોસાય તેમ નથી.

### અમદાવાદમાં અનોખો સેવા યજ્ઞ

## ઝાડ-થાંભલામાં ફસાયેલી ૧ હજાર કિ.ગ્રા. દોરીનું દહન

### ઉતરાયણમાં ઝાડ પર ફસાયેલી પતંગ અને દોરી પક્ષીઓ નુકશાન ના થાય તે માટે ઉતરાયણ બાદ AMCના કોર્પોરેટર અનોખું અભિયાન હાથ ધર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ઉતરાયણ બાદ આ ફસાયેલા પતંગ અને દોરી આકાશમાં ઉડતા પક્ષીઓ માટે ઘાતક બને નહીં તે માટે અમદાવાદ મહાનગર પાલિકાના ખોખરા વોર્ડના કાઉન્સિલર કમલેશ પટેલ દ્વારા ઉતરાયણ બાદ એક સપ્તાહ સુધી અનોખું અભિયાન હાથ ધરે છે. ઉતરાયણ એટલે પતંગ અને દોરીનો તહેવાર જે શહેરીજનો અને દેશવાસીઓ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરતા હોય છે. ઉતરાયણમાં ઝાડ પર ફસાયેલી પતંગ અને દોરી પક્ષીઓ નુકશાન ના થાય તે માટે ઉતરાયણ બાદ છસ્ઋના કોર્પોરેટર અનોખું અભિયાન હાથ ધર્યું છે. ત્યારે શું છે અભિયાન કેવી રીતે કામ કરે છે. જોઈએ અમદાવાદ: ઉત્તરાયણ પર્વમાં આકાશ રંગબેરંગી પતંગથી શોભે છે. જેમાં પતંગના પર્વમાં આકાશમાં ઉડતા પતંગ અને દોરી સાથે એકબીજા પતંગના પેચ જામતા હોય છે. એટલે કે ઉતરાયણ પર્વમાં પતંગના આકાશી યુદ્ધ જામતા હોય છે. જેમાં કોઈનો પતંગ કપાય તો કોઈ પતંગ આકાશમાં ઉડતો હોય છે. આમ પેચ બાદ કપાયેલા પતંગ અને દોરી ક્યારેક ઝાડ કે વીજળીના તાર કે અન્ય સ્થળોએ ફસાઈ જતા હોય છે. ઉતરાયણ બાદ આ ફસાયેલા પતંગ અને દોરી આકાશમાં ઉડતા પક્ષીઓ માટે ઘાતક બને નહીં તે માટે અમદાવાદ મહાનગર પાલિકાના ખોખરા વોર્ડના કાઉન્સિલર કમલેશ પટેલ દ્વારા ઉતરાયણ બાદ એક સપ્તાહ સુધી અનોખું અભિયાન હાથ ધરે છે. જેમાં કમલેશભાઈ ટીમ કપાયેલા પતંગ અને દોરી તેમના વિસ્તારમાં ઝાડ, રસ્તા કે વીજળીના થાંભલા સહિતમાં ફસાયેલી દોરી અને પતંગ એકઠી કરે છે.

## મહિલા અને બાળ વિકાસ મંત્રાલય "બેટી બચાઓ, બેટી પઢાઓ" યોજનાની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરશે

### ૧૦મી વર્ષગાંઠની ઉજવણી ૨૨ જાન્યુઆરીથી ૮ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે, જેનું સમાપન આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર થશે

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૧ ।

આ વર્ષે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય બેટી બચાઓ, બેટી પઢાઓ (બીબીબીપી) યોજનાની ૧૦ મી વર્ષગાંઠની ઉજવણી કરવા જઈ રહ્યું છે. જે ભારતમાં બાળકીઓની સુરક્ષા, શિક્ષિત અને સશક્તિકરણ માટેનાં અવિરત પ્રયત્નોનાં એક દાયકાને ચિહ્નિત કરે છે. આ સિમાચિહ્ન ભારતનાં વિકસિત ભારત ૨૦૪૭નાં વિઝન અને મહિલા વિકાસથી મહિલા-સંચાલિત વિકાસ તરફનાં વૈશ્વિક પરિવર્તન સાથે સુસંગત છે, જે ભારતની જી-૨૦ની અધ્યક્ષતા દરમિયાન પ્રાથમિકતા આપવામાં આવી હતી અને હવે બ્રાઝિલના ૪૨૦ પ્રેસિડેન્સી દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. આ ઉદ્‌ઘાટન સમારંભ આવતીકાલે (૨૨ જાન્યુઆરી, ૨૦૨૫) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે યોજાશે. જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રી શ્રી જે પી નડ્ડા તેમજ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી અને રાજ્ય મંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુર ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં સશસ્ત્ર દળો, અર્ધસૈનિક દળો અને દિલ્હી પોલીસની મહિલા અધિકારીઓની ભાગીદારી જોવા મળશે. આ ઉપરાંત, વિજ્ઞાન ભવનમાં યોજાનારા આ કાર્યક્રમમાં નાયબ સચિવ અને કેન્દ્રીય મંત્રાલયોનાં ઉચ્ચ સ્તરનાં મહિલા અધિકારીઓ જોડાશે. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ (My Bharat સ્વયંસેવકો),




આંગણવાડી નિરીક્ષકો/કાર્યકરો તથા રાજ્ય અને જિલ્લાનાં પ્રતિનિધિઓને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં યુનિસેફ, યુએન વુમન, યુએનડીપી, યુએનએફપીએ, વર્લ્ડ બેંક અને જર્મન એજન્સી ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન (GIZ) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં પ્રતિનિધિઓ પણ ભાગ લેશે. ૧૦મી વર્ષગાંઠની ઉજવણી તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫થી ૮ માર્ચ, ૨૦૨૫ સુધી ચાલશે, જે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર સમાપ્ત થશે. નવી દિલ્હીનાં વિજ્ઞાન ભવનમાં આયોજિત ઉદ્‌ઘાટન સમારંભમાં શપથ ગ્રહણ સમારંભ અને શ્રેષ્ઠ પદ્ધતિઓનો સંગ્રહ શરૂ કરવાનો કાર્યક્રમ સામેલ હશે. આ કાર્યક્રમમાં મિશન વાત્સલ્ય અને મિશન શક્તિ પોર્ટલની શરૂઆત પણ કરવામાં આવશે.

રાજ્ય અને જિલ્લા સ્તરે આ પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, તેમજ ૨૨ જાન્યુઆરી, ૨૬ જાન્યુઆરી અને ૮ માર્ચનાં રોજ વિશેષ કાર્યક્રમો યોજાશે. પ્રવૃત્તિઓમાં રેલીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સન્માન સમારંભો અને સંકલ્પ, મહિલા સશક્તિકરણ માટે કેન્દ્ર, શાળાની છાત્રાઓ, સફળ મહિલાઓ અને સામુદાયિક જૂથો સહિત વિવિધ હિતધારકોને જોડવામાં આવશે. સમગ્ર ઉજવણી દરમિયાન પ્રિન્ટ, ડિજિટલ અને સોશિયલ મીડિયા મારફતે રાષ્ટ્રવ્યાપી અભિયાનો આ યોજનાનાં સંદેશને વિસ્તૃત કરશે. સાતત્યપૂર્ણ પદ્ધતિઓ સાથે જોડાણમાં, વૃક્ષારોપણ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ હરિયાણાનાં પાણીપતમાં બેટી બચાઓ, બેટી પઢાઓની શરૂઆત કરી હતી, જેનો ઉદ્દેશ ભારતમાં લિંગ અસંતુલન અને ઘટી રહેલા બાળ લિંગ પ્રમાણ (CSR)ની મહત્ત્વપૂર્ણ સમસ્યાનું સમાધાન કરવાનો હતો. બેટી બચાઓ, બેટી પઢાઓ લિંગ અસંતુલન અને બાળ લિંગગુણોત્તરમાં ઘટાડાનાં ચિંતાજનક પ્રવાહોનાં પ્રતિભાવમાં ઉભરી આવ્યા હતા, જે એક નીતિગત પહેલમાંથી રાષ્ટ્રીય આંદોલનમાં બદલાયો છે.

બેટી બચાઓ, બેટી પઢાઓ યોજનાએ લિંગ ભેદભાવને દૂર કરવા અને બાળકીઓનાં મહત્વને સમજવા તથા તેમના અધિકારો અને તકોને સુનિશ્ચિત કરવાની દિશામાં સાંસ્કૃતિક બદલાવને પ્રોત્સાહન આપવા માટે સરકારી એજન્સીઓ, નાગરિક સમાજ, મીડિયા અને જાહેર જનતાને સંગઠિત કર્યા છે.

મુખ્ય સિદ્ધિઓમાં નેશનલ સેક્સ રેશિયો એટ બર્થ (SRB)માં ૨૦૧૪-૧૫માં ૯૧૮થી સુધરીને ૨૦૨૩-૨૪માં ૯૩૦, સેકન્ડરી લેવલે છોકરીઓનાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોમાં ૨૦૧૪-૧૫માં ૭૫.૫૧ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૭૮ ટકા, ઈન્સ્ટિટ્યૂશનલ ડિલિવરીમાં ૬૧ ટકાથી વધીને ૯૭.૩ ટકા અને ફર્સ્ટ-ટ્રાઈમેસ્ટર એન્ટેનાટલ કેર રજિસ્ટ્રેશનમાં નોંધપાત્ર સુધારો સામેલ છે.

વર્ષોથી બીબીબીપીએ મહિલા સશક્તિકરણને પ્રદર્શિત કરનાર યશસ્વિની બાઈક અભિયાન, કન્યા શિક્ષા પ્રવેશ ઉત્સવ, જે અંતર્ગત સ્કૂલ ન જનારી ૧૦૦,૦૦૦ થી વધુ કન્યાઓને ફરીથી પ્રવેશ આપ્યો હતો; અને ડોરી ટીવી શોનાં સાથ સહયોગથી બાળકીઓને ન ત્યજવા વિશે જાગૃતિ વધારવા જેવી પ્રભાવશાળી પહેલ કરવામાં આવી છે. અન્ય નોંધપાત્ર કાર્યક્રમોમાં નેશનલ કોન્ફરન્સ ઓન સ્કિલિંગ: બેટીઓ બને કુશળ, સામેલ છે જેમાં કર્મચારીઓની ભાગીદારી પર ભાર મૂકવામાં આવ્યો છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ભાગીદાર મંત્રાલયો સાથે જોડાણમાં લિંગ સમાનતાને આગળ વધારવાની અને બાળકીઓને સશક્ત બનાવવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. બીબીબીપીની આ ૧૦ વર્ષની સફર ભારતની 'વિકસિત ભારત'નાં નિર્માણ માટે કટિબદ્ધતા પર ભાર મૂકે છે, જ્યાં મહિલાઓ માત્ર લાભાર્થી જ નહીં, પરંતુ પરિવર્તનનાં સક્રિય અગ્રણીઓ છે, જે તમામ કન્યાઓ માટે ઉજ્જ્વળ, વધારે સર્વસમાવેશક ભવિષ્યને આકાર આપે છે, જેથી બીબીબીપી યોજના સમગ્ર દેશમાં સકારાત્મક પરિવર્તનને પ્રેરિત કરવાનું યથાવત રાખે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## દેશમાં આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન ૧૦૦ કરોડને પાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

UIDAIના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે, UIDAI-આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન, જે વર્ષ ૨૦૨૧ના ઓક્ટોબરમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું હતું, તે હાલ ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન અકડા પર નજર કરીએ તો છેલ્લા પાંચ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનઃપ્રતિષ્ઠિત કરે છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને UIDAIના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા- UIDAIના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના BFSI, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો.

## તુર્કીની એક હોટલમાં લાગેલી આગમાં ૧૦ના મોત થયા

। (એજન્સી) તુર્કી, તા.૨૧ ।

તુર્કીમાં આજે ૨૧ જાન્યુઆરીએ સવારે ૩:૩૦ વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી. દેશના ઉત્તર -પશ્ચિમ વિસ્તારમાં પહાડોની વચ્ચે એક ટેકરા પર બનેલી સ્કી રિસોર્ટ કમ હોટેલ કાર્ટલકાયામાં આગ લાગી હતી. આગમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૩૦થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. રોઈટર્સના અહેવાલ મુજબ, આગની પુષ્ટિ તુર્કીના ગૃહપ્રધાન અલી યેર્લિકાયા દ્વારા કરવામાં આવી છે. આ આગનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોલીસે મૃતદેહોને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. ફાયર બ્રિગેડની ૩૦ ગાડીઓ અને ૨૫ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. બોલુના ગવર્નર અબ્દુલ અઝીઝ અયદિને મીડિયાને જણાવ્યું હતું કે આગ હોટલના ૧૧મા માળે લાગી હતી અને ઝડપથી નીચેના માળને લપેટમાં લીધી હતી. હોટલમાંથી ઉંચી જ્વાળાઓ આવતી જોઈને હોટલમાં રોકાયેલા ૨૩૪ જેટલા મહેમાનો ડરી ગયા અને પોતાના રૂમની બારીમાંથી કૂદવા લાગ્યા.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા નવો વિવાદ

# ટીમ ઈન્ડિયાની જર્સીથી પાકિસ્તાનનું નામ ગાયબ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।




આગામી સમયમાં પાકિસ્તાનના ત્રણ શહેરો રાવલપિંડી, કરાચી, લાહોર અને આ સિવાય દુબઈમાં 'હાઈબ્રિડ મોડેલ' હેઠળ ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેચો રમાશે. આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ભારત ચેમ્પિયન્સમાં પોતાની બધી મેચ દુબઈમાં રમશે. જો કે, પાકિસ્તાન આ ટુર્નામેન્ટનું સત્તાવાર યજમાની કરી રહ્યું છે. પરંતુ આ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે. હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં. જેને લઈને ભારતે કથિત રીતે ભારતીય ટીમની જર્સી પર છપાયેલા પાકિસ્તાન (યજમાન દેશનું નામ) શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે PCB ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'BCCI ભારતીય ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છાપવાને લઈને ક્રિકેટમાં રાજનીતિ કરી રહી છે'. અગાઉ ભારતીય બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેપ્ટનોની બેઠક માટે કેપ્ટન રોહિત શર્માને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. આ સિવાય અગાઉ BCCIએ ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ PCB અને ICCએ હાઈબ્રિડ મોડેલ હેઠળ ટુર્નામેન્ટ યોજવા સંમત થયા હતા. PCBના ઘણાં આગ્રહ છતાં BCCI એ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરવાના પોતાના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી. આખરે પાકિસ્તાન બોર્ડે ભારતની શરતો સ્વીકારવી પડી હતી. જો કે નવા કરાર હેઠળ PCB ભવિષ્યમાં ICC ઈવેન્ટ્સ માટે પાકિસ્તાની ટીમને ભારત મોકલશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં હવે લગભગ એક મહિનો બાકી છે અને હવે ફરી એક નવો વિવાદ ઊભો થઈ ગયો છે. પાકિસ્તાને હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમની જાહેરાત કરી નથી. જ્યારે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ ખેલાડીઓની ભારતીય ટીમ: રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વોશિંગ્ટન સુંદર.

### ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો

# ડોનાલ્ડ ટ્રમ્પે શપથ લેતા જ શેરબજારમાં કડાકો, ૧૨૩૫ અંક ગબડ્યો સેન્સેક્સ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ બાદ મંગળવારે (૨૧ જાન્યુઆરી) ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો, જે ૩૦ શેરો પર આધારિત છે, ઘટાડા સાથે ૭૫,૮૩૮.૩૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૨૦.૧૦ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૨૩,૦૨૪.૬૫ના સ્તરે બંધ થયો હતો. એપોલો હોસ્પિટલ્સ, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર, જેએસડબ્લ્યુ સ્ટીલ અને શ્રીરામ ફાઈનાન્સ મંગળવારના વેપારમાં નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. જ્યારે ટ્રેન્ટ, અદાણી પોર્ટ્સ, એનટીપીસી, આઈસીઆઈસીઆઈ બેંક અને એસબીઆઈ ટોપ લુઝર હતા. ૧. BRICS દેશો પર ટેરિફ લાદવાની ધમકી બ્રિક્સ દેશો અંગે ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી બજારમાં ખળભળાટ મચી ગયો છે. બ્રિક્સ દેશોમાં ભારતની સાથે બ્રાઝિલ, ચીન, રશિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ એવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માગે છે, જે આંતરરાષ્ટ્રીય વેપારમાં યુએસ ડૉલર પર તેમની નિર્ભરતા ઓછી કરી રહ્યા છે. ૨. નબળા ત્રિમાસિક પરિણામો ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં કંપનીઓના મિશ્ર ત્રિમાસિક પરિણામોએ બજારની ચિંતામાં વધુ વધારો કર્યો છે. ડિક્સન ટેક્નોલોજીસના શેરમાં આજે ૧૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે. ઝોમેટોના શેરમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. ૩. જાપાનમાં વ્યાજ દરો વધવાની અપેક્ષા છે બેંક ઓફ જાપાન (BOJ) દ્વારા વ્યાજદરમાં વધારો કરવાની શક્યતાને કારણે મંગળવારે વૈશ્વિક બજારોમાં બેચેની જોવા મળી હતી.



કર્ણાટકના બેલાગવીમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ શુભેચ્છાઓ આપી.

# ઈરાની સિંગરને મૃત્યુદંડની સજા પયગંબરના અપમાનનો આરોપ

### વિશ્વવિખ્યાત ગાયક પર વૈશ્યાવૃતિ અને અશ્લીલતા ફેલાવવા સહિતના આરોપ લગાવવામાં આવ્યા છે

। તેહરાન, તા.૨૧ ।



પયગંબર અપમાનના આરોપસર ઈરાની સિંગર અમીર તાતાલુને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. વિશ્વવિખ્યાત ગાયક પર વૈશ્યાવૃતિ અને અશ્લીલતા ફેલાવવા સહિતના આરોપ લગાવવામાં આવ્યા છે. ઈરાનની સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, અમીર તાતાલુના નામથી ઓળખાતા આરોપી અમીર હુસૈન મગસુદલૂને અગાઉ પયગંબરના અપમાનના આરોપસર પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. તેની સજા સામે ફરિયાદીએ વાંધો ઉઠાવતા કેસને ફરી ખોલવામાં આવ્યો હતો. કેસની ફેરતપાસ બાદ આરોપો સાચા હોવાનું જાણવા મળતા તેને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. ઈરાની સરકારના ડરથી તાતાલુ ૨૦૧૮ની સાલથી તુર્કીના ઈસ્તાંબુલમાં છુપાયેલો હતો.

# સરકારી કચેરીઓના ચક્કર લગાવવાની ઝંઝટનો અંત! વોટ્સએપમાં મળશે જન્મ-મૃત્યુનું પ્રમાણપત્ર

### આંધ્ર પ્રદેશ સરકાર ટૂંક સમયમાં જ તેની 'WhatsApp ગવર્નન્સ સર્વિસ' હેઠળ WhatsAppના માધ્યમથી જન્મ અને મૃત્યુનું પ્રમાણપત્ર ઘર બેઠા આપશે

। (એજન્સી) આંધ્ર પ્રદેશ, તા.૨૧ ।

તમે બધાએ તમારા પરિવારજનોનું જન્મ અને મૃત્યુના પ્રમાણપત્ર બનાવવા માટે ઘણી બધી સરકારી કચેરીઓના ધક્કા ખાધા હશે, પરંતુ હવે આ મુશ્કેલીને ઘટાડવા માટે આંધ્રપ્રદેશ સરકાર એક દમદાર યોજના શરૂ કરવા જઈ રહી છે. જે પછી તમે દુનિયાના કોઈપણ ખૂણામાં બેસીને તમારા મોબાઈલ પર તમારું જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર માંગી શકો છો. આંધ્ર પ્રદેશ સરકાર ટૂંક સમયમાં જ તેની 'WhatsApp ગવર્નન્સ સર્વિસ' હેઠળ WhatsAppના માધ્યમથી જન્મ અને મૃત્યુનું પ્રમાણપત્ર ઘર બેઠા આપશે. મુખ્ય સચિવ કે વિજયાનંદ જેમણે સોમવારે (૨૦ જાન્યુઆરી) તેની જાહેરાત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે આ સેવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ આ મહિનાના અંતમાં તેનાલીમાં આયોજિત કરવામાં આવશે, જેથી પ્રક્રિયાની શોધ કરી શકાય. વિજયાનંદે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુના ઉદ્દેશ્યોને અનુરૂપ લોકોને વ્હોટ્સએપ ગવર્નન્સ સેવાઓ પ્રદાન કરશે. આ અંતર્ગત લોકો જલ્દી જ WhatsApp દ્વારા જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર મેળવી શકશે. વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સોમવારે રીઅલ-ટાઈમ ગવર્નન્સ સોસાયટી (RTGS) કાર્યાલયમાં પ્રક્રિયા અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

### યુપીમાં મોટું એન્કાઉન્ટર

# પોલીસે શામલીમાં એક લાખના ઈનામી અરશદ સહિત ૪ બદમાશોને ઠાર કર્યા

### મૃતક બદમાશોની ઓળખ એક લાખના ઈનામી અરશદ અને તેના ત્રણ સાથીઓ મનજીત, સતીશ અને એક અજાણ્યો વ્યક્તિ તરીકે થઈ છે

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।



ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં મોડી રાત્રે મોટું એન્કાઉન્ટર થયું હતું. સોમવારે રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ યુપી એસટીએફની મેરઠ ટીમે શામલીના ઝીંઝાના વિસ્તારમાં મુસ્તફા કગ્ગા ગેંગના બદમાશોની ઘેરાબંધી કરી લીધી હતી. આ દરમિયાન સામ-સામે ફાયરિંગમાં એક લાખના ઈનામી અશરદ સહિત ૪ બદમાશોને એન્કાઉન્ટરમાં ઠાર કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ STFના ઈન્સ્પેક્ટર સુનીલ કુમારને ઘણી ગોળીઓ વાગી છે. સુનીલ કુમારને હાલમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બદમાશો પાસેથી મોટી માત્રામાં હથિયારો રિકવર કરવામાં આવ્યા છે. એસટીએફ મેરઠ ટીમે શામલીના ઝિંઝાના ક્ષેત્રમાં મુસ્તફા કગ્ગા ગેંગના સભ્ય અરશદ અને તેના ત્રણ સાથીઓ, મનજીત, સતીશ અને એક અન્યને શામલીના ઝીંઝાના વિસ્તારમાં ઘેરી લીધા હતા. બધા બદમાશો કારમાં સવાર હતા. આ દરમિયાન અરશદ અને તેના સાથીઓએ ફાયરિંગ શરૂ કરી દીધુ હતું.

### મૃતકે મરતા પહેલા સુસાઈડ નોટ પણ લખી હતી

# પત્ની, સાસુ, સાળીઓથી પરેશાન એક વ્યક્તિએ કરી આત્મહત્યા

### યુવકની આત્મહત્યા બાદ એક સુસાઈડ નોટ પણ મળી આવી છે સુસાઈડ નોટમાં મૃતકે તેની પત્ની, સાસુ અને સાળીઓ પર હેરાન કરવાનો આરોપ

। (એજન્સી) ઈન્દોર, તા.૨૧ ।

ઈન્દોર જિલ્લાના બાણગંગા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પત્ની અને સાસરિયાઓથી પરેશાન યુવકે આત્મહત્યા કરી લીધી છે. યુવકની આત્મહત્યા બાદ એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. સુસાઈડ નોટમાં મૃતકે તેની પત્ની, સાસુ અને સાળીઓ પર હેરાન કરવાનો આરોપ લગાવ્યો છે.

આ સિવાય મૃતકે ભારત સરકાર પાસે કાયદામાં ફેરફાર કરવાની પણ માંગ કરી છે. સુસાઈડ નોટમાં લખવામાં આવ્યું છે કે જો આ કાયદાને બદલવામાં નહીં આવે તો મહિલાઓ આ જ રીતે તેનો દુરુપયોગ કરતી રહેશે અને દેશના યુવાનો રોજેરોજ મૃત્યુ પામતા રહેશે અને તેમનો પરિવાર બરબાદ થતો રહેશે. સુસાઈડ લેટર લખ્યા બાદ વ્યક્તિએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આપને જણાવી દઈએ કે મૃતકે મરતા પહેલા સુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેણે તેની પત્ની, સાસુ અને તેની બે સાળીઓને તેના મોત માટે જવાબદાર ઠેરવ્યા છે. બે પાનાની સુસાઈડ નોટમાં તેણે એક પત્ર તેની માતાને અને બીજો પત્ર ભારત સરકારને લખીને કાયદામાં ફેરફારની માંગ કરી છે. તેણે તેની માતાને લખેલા પત્રમાં લખ્યું, 'મમ્મી, સાંભળો! મારા ગયા પછી, રડશો નહીં અને કોઈને રડવા દેશો નહીં. તમે લોકો રડશો તો મને મૃત્યુ પછી પણ પીડા થશે. મમ્મી, હું તમારા પુત્ર તરીકે પાછો આવીશ. આ પછી તેણે આ જ પત્રમાં આગળ લખ્યું, 'મારા મૃત્યુનું કારણ માત્ર મારી પત્ની, સાસુ અને મારી પત્નીની બે બહેનો છે.' બીજા પત્રમાં મૃતકે લખ્યું છે કે, 'હું, નીતિન પડિયાર, ભારત સરકારને ભારતીય કાયદામાં ફેરફાર કરવા વિનંતી કરું છું.

કારણ કે મહિલાઓ આ કાયદાનો દુરુપયોગ કરી રહી છે. જો તમે આ કાયદો અને વ્યવસ્થા નહીં બદલો તો દરરોજ કેટલાય છોકરાઓ અને તેમના પરિવારો બરબાદ થતા રહેશે.

### શપથ લેતાં જ ટ્રમ્પે લીધા તાબડતોબ ફેંસલા

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકા ખસી જશે

### ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ, અમેરિકા પેરિસ સમજૂતીમાંથી ખસી ગયું હતું, પરંતુ જો બિડેન રાષ્ટ્રપતિ બન્યા પછી તે ફરીથી તેમાં જોડાઈ ગયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી અમેરિકાને ખસી જશે. ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી, વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે યુએસ એક દાયકામાં બીજી વખત ક્લાઈમેટ ચેન્જ સામે લડવાના વૈશ્વિક પ્રયાસોથી દૂર રહેશે. અગાઉ, ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ, અમેરિકા પેરિસ સમજૂતીમાંથી ખસી ગયું હતું, પરંતુ જો બિડેન રાષ્ટ્રપતિ બન્યા પછી તે ફરીથી તેમાં જોડાઈ ગયું. ટ્રમ્પે આ કરારને વિશ્વાસઘાત ગણાવ્યો હતો. ક્લાઈમેટ ચેન્જની ખરાબ અસરોથી બચવા માટે વિશ્વના દેશોએ વૈશ્વિક તાપમાનને પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવા માટે આ કરાર કર્યો છે. ટ્રમ્પે આ સમજૂતીને છેતરપિંડી ગણાવી છે. રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદ ટ્રમ્પ ઝડપથી નિર્ણય લેવા જઈ રહ્યા છે. ટ્રમ્પના સહયોગીઓએ કહ્યું કે ટ્રમ્પ અમેરિકાની ઈમિગ્રેશન નીતિઓ બદલવા અને જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે શપથ લીધા પછી તરત જ કેટલાક આદેશો જારી કરવા જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમયે અમેરિકામાં જન્મેલા લોકોને તેમના માતા-પિતા અમેરિકન ન હોવા છતાં પણ અમેરિકન નાગરિકતા મળે છે. ટ્રમ્પે દક્ષિણ મેક્સિકો સરહદ પર રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. ત્યાં સશસ્ત્ર દળો મોકલવામાં આવશે. યુ.એસ. શરણાર્થીઓને મેક્સિકોમાં રાહ જોવાની ફરજ પાડતી નીતિ ફરીથી લાગુ કરશે. મૃત્યુ દંડ પુનઃસ્થાપિત કરશે, જે બિડેને સસ્પેન્ડ કરી હતી. શપથગ્રહણના એક દિવસ પહેલા રવિવારે વોશિંગ્ટન ડીસીમાં સમર્થકોથી ભરપૂર કેપિટલ વન એરેના ખાતે યોજાયેલી વિજય રેલી 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'માં બોલતા તેમણે કહ્યું કે ખૂબ જ ટૂંક સમયમાં અમેરિકન ઈતિહાસની સૌથી મોટી દેશનિકાલ અભિયાન શરૂ કરવામાં આવશે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અમેરિકામાંથી બહાર કાઢવામાં આવશે. "ખૂબ જ ટૂંક સમયમાં અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ પ્રક્રિયા શરૂ કરીશું," તેમણે કહ્યું. હું પદ સંભાળ્યાના કલાકોમાં બિડેન વહીવટીતંત્રમાંથી દરેક મૂર્ખતા પૂર્ણ એક્ઝિક્યુટિવ ઓર્ડરને રદ કરીશ. ટ્રમ્પે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા, પશ્ચિમ એશિયામાં સ્થિતિ સુધારવા અને અરાજકતા અને ત્રીજા વિશ્વયુદ્ધને રોકવા માટે પગલાં લેવાનું વચન પણ આપ્યું હતું. ચાઈનીઝ એપ TikTok અંગે તેમણે કહ્યું કે, આપણે TikTokને બચાવવાની જરૂર છે કારણ કે આપણે ઘણી નોકરીઓ બચાવવાની છે. અમે અમારો બિઝનેસ ચીનને આપવા માંગતા નથી. TikTokને એ શરતે મંજૂરી આપી હતી.

### ફિલ સોલ્ટ અને બેન ડકેટ કરશે ઓપનિંગ

# કોલકાતા T20 માટે ઇંગ્લેન્ડ ટીમની પ્લેઇંગ ૧૧ જાહેર થઈ

### કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ભારત સામે શરૂ થનારી પહેલી T20 મેચ માટે લેન્કેશાયરનો ફિલ સોલ્ટ વિકેટકીપિંગ કરતો જોવા મળશે

। (એજન્સી) કોલકાતા, તા.૨૧ ।




ઇંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે ભારત સામે યોજાનારી T20I મેચ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. આ મેચ ૨૦ જાન્યુઆરીએ યોજાશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ભારત સામે શરૂ થનારી પહેલી T20 મેચ માટે લેન્કેશાયરનો ફિલ સોલ્ટ વિકેટકીપિંગ કરતો જોવા મળશે. જે નોટિંગહામશાયરના બેન ડકેટ સાથે બેટિંગની શરૂઆત કરશે. જ્યારે કેપ્ટન જોસ બટલર ત્રીજા નંબર પર બેટિંગ કરવા માટે આવશે. આ ઉપરાંત ઝડપી બોલર જોફ્રા આર્ચર અને માર્ક વુડને પણ પ્લેઈંગ ૧૧માં સ્થાન મળ્યું છે. છેલ્લે ભારતની ધરતી પર જોફ્રા આર્ચરે ૨૦ માર્ચ ૨૦૨૧ના રોજ ઈંગ્લેન્ડની ટીમની કેપ્ટનશીપ કરી હતી. તે ભારતની પીચ પર ૪ વર્ષ પછી બેટિંગ કરવા ઉતરશે. પોતાની ઘાતક ઝડપી બોલિંગને લીધે જાણીતો આર્ચર ભારતીય બેટરો માટે મુશ્કેલી બની શકે છે. ભારત માટે આ સીરિઝ માટે સૂર્યાકુમાર યાદવ કેપ્ટનશીપ કરશે. જ્યારે અક્ષર પટેલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ સિવાય ઘણાં સમયથી ઈજાગ્રસ્ત મોહમ્મદ શમીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. શમી ભારતીય ટીમથી વર્લ્ડકપ ૨૦૨૩ થી દૂર ચાલી રહ્યો છે. લગભગ ૧૪ મહિના પછી શમીએ ભારતીય ટીમમાં વાપસી કરી છે. ઘૂંટણમાં થયેલી ઈજાને કારણે શમી ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં પણ રમી શક્યો ન હતો. પસંદગીકારો એ આ સીરિઝ માટે સંજુ સેમસનને ટીમની વિકેટકીપિંગ માટે પસંદ કર્યો છે. જ્યારે બીજા વિકલ્પ તરીકે ધ્રુવ જુરેલની પસંદગી કરવામાં આવી છે. જુરેલને જીતેશ શર્માની જગ્યાએ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. તે દક્ષિણ આફ્રિકા સામેની ટીમનો ભાગ હતો. જ્યારે ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને પણ રમનદીપ સિંહની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. આ સિવાય ઓલરાઉન્ડર શિવમ દુબે પણ T20 ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. રિયાન પરાગ ઈજાને કારણે ટીમનો ભાગ બની શક્યો ન હતો.

## તંત્રી લેખ...

# ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ હશે તેથી મિશન ૪૭ નામ અપાયું હતું

અંતે ડોનાલ્ડ ટ્રમ્પની અમેરિકાના પ્રમુખપદે તાજપોશી થઈ ગઈ. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં જીતનારા ઉમેદવારની ૨૦ જાન્યુઆરીએ શપથવિધિની પરંપરા છે. આ પરંપરાનું પાલન કરીને ટ્રમ્પે પણ શપથ લીધા અને ચાર વર્ષના ગાળા પછી ફરી દુનિયામાં સૌથી શક્તિશાળી શાસક બની ગયા. ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ સાથે અમેરિકામાં ફરી એક જૂની પરંપરા પણ સ્થાપિત થઈ. અમેરિકામાં વિદાય લઈ રહેલા પ્રમુખ નવા પ્રમુખ માટે લશ્કરી પ્લેનની વ્યવસ્થા કરે છે કે જેથી શપથવિધિ માટે રાજધાની વૉશિંગ્ટન ડીસી આવી શકાય. અમેરિકામાં વરસોથી સત્તાથી બહાર જઈ રહેલા પ્રેસિડેન્ટ નવા પ્રેસિડેન્ટ માટે આ પ્રકારનું સૌજન્ય બતાવે છે, પણ ડોનાલ્ડ ટ્રમ્પ આ સૌજન્ય ચૂકી ગયા હતા. ટ્રમ્પ તો સત્તા છોડવા જ તૈયાર નહોતા તેથી ૨૦૨૧માં બાઈડન માટે લશ્કરી પ્લેન નહોતું મોકલ્યું. આ કારણે બાઈડને ખાનગી વિમાન દ્વારા વૉશિંગ્ટન આવવું પડ્યું હતું. જો બાઈડને જેવા સાથે તેવા થવાના બદલે જૂની પરંપરાને ફરી જીવિત કરવાનું મુનાસિબ સમજ્યું અને ભૂતપૂર્વ પ્રમુખોએ બતાવેલા સૌજન્યની પંરપરાને ફરી સ્થાપિત કરીને ટ્રમ્પને લેવા માટે ઍરફોર્સના સી-૩૨ લશ્કરી વિમાનને મોકલ્યું. ડોનાલ્ડ ટ્રમ્પ શપથગ્રહણ માટે શનિવારે બપોરે ફ્લોરિડાના વેસ્ટ પામ બીચથી ઍરફોર્સના આ સી-૩૨ લશ્કરી વિમાનમાં બેસીને પત્ની મેલાનિયા અને પુત્ર બેરોન ટ્રમ્પ સાથે વૉશિંગ્ટન પહોંચી ગયા હતા. આ ફ્લાઈટને સ્પેશિયલ ઍર મિશન ૪૭ નામ આપવામાં આવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ હશે તેથી મિશન ૪૭ નામ અપાયું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી શું કરે છે તેના પર સૌની નજર છે.

# શંખ શા માટે પૂજનીય ગણાય છે?



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

સામાન્ય રીતે આપણે બધાંએ શંખ મંદિરોમાં કે દેવાલયોમાં જોયો હોય છે. ક્યારેક આપણે દેવી દેવતાઓની છબીઓમાં શંખ જોયો હોય છે. પરંતુ શંખ વિશેની જાણકારી, તેની ઉત્પત્તિ કે તેના ઉપયોગ વિશે સૌ કોઈને ઝાઝી માહિતી હોતી નથી, તેથી આ લેખમાં શંખ વિષય ઉપર પ્રકાશ પાડવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. અમુક લોકોની માન્યતા એવી છે કે શંખ દરિયામાંથી નિકળતા કોડી, છીપલાં વિગેરે જેવો જ એક પ્રકાર છે, તો ઘણાં એવું સમજે છે કે અમુક જળચર જીવોની પીઠ પર આવો પદાર્થ થાય છે, જેના થકી એ જીવ પોતાનું રક્ષણ કરી શકે છે. પરંતુ સત્ય હકિકત એ છે કે સમુદ્રમાંથી જે શંખ આકારનાં પદાર્થો નિકળે છે એને શંખ નહીં પરંતુ શંખલા કહેવામાં આવે છે. અત્યારે આપણે યાત્રા ધામોની દુકાનોમાં જે શંખ જોઈએ છીએ એ નકલી શંખ હોય છે.જેવી રીતે સાચાં મોતી મળવાં અતિ દુર્લભ છે, તેવી રીતે આજના જમાનામાં અસલ શંખ મળવો અતિ દુર્લભ છે. અસલી શંખ તો દેવો અને દાનવો વચ્ચે સમુદ્રમંથન થયું એમાંથી પ્રાપ્ત થયેલો છે. સમુદ્રમાંથી જે શંખ નિકળ્યો એ માણેરી નામનો દિવ્ય શંખ હતો અને શ્રી હરિ વિષ્ણુએ તેને પોતાના કરકમળમાં ગ્રહણ કર્યો હતો. શંખ સમુદ્રમાંથી પ્રગટ થયો હતો તેથી એનું સ્થાન અને મહત્વ પુરાણોમાં વધારે પ્રમાણમાં અંકિત થયેલું છે.પુરાણોમાં એવો ઉલ્લેખ મળે છે કે અગાઉ સમુદ્રમાં એક શંખચૂડ નામનો દાનવ રહેતો હતો અને ભગવાન શંકરે તેને પોતાના ત્રીજા નેત્ર વડે બાળીને ભસ્મ કરી દીધો હતો, પરંતુ એની પત્ની સતી અને પતિવ્રતા સ્ત્રી હતી અને એણે પોતાના સતીત્વના પ્રભાવ વડે મહાદેવજી સાથે ઉગ્ર દલીલો કરી હતી અને મહાદેવજીએ એના સતીત્વથી પ્રસન્ન થઈને જણાવ્યું કે, આ જન્મે શંખચૂડના કર્મો સારા ન હતાં અને એણે માનવતા વિહોણાં કૃત્યો કર્યા હતા, વળી એ બળીને ભસ્મ થઈ ગયો હોવાથી પુનઃસજીવન થઈ શકે નહીં, પરંતુ આવતા જન્મમાં એ શંખ થઈને અવતાર લેશે અને એનું મહત્ત્વ એકદમ વધી જશે. ત્યારપછી શંખચૂડ નામનો એ દાનવ શંખ તરીકે જન્મ્યો અને ત્રણેય લોકમાં પ્રખ્યાત થયો. શંખનું સ્થાન રામાયણ તથા મહાભારતના સમયથી પ્રચલિત છે. રામાયણ તથા મહાભારતની કથાઓમાં લખેલું છે કે, કોઈ રાજાનો રાજ્યાભિષેક કરવાનો હોય તો શંખમાં પવિત્ર ગંગાજળ ભરીને એ રાજાના મસ્તિષ્ક ઉપર મંત્રોચ્ચાર સાથે અભિષેક કરવામાં આવતો હતો. યુદ્ધ વખતે પણ વિવિધ પ્રકારના શંખો ફૂંકવામાં આવતા હતાં. મહાભારતમાં પ્રાંતઃકાળે શંખનાદ થાય એની સાથે જ યુદ્ધ શરૂ થતું હતું અને સંધ્યાકાળે શંખનાદ થતાં જ યુદ્ધ વિરામ થતો હતો. મહાભારતના યુદ્ધના પ્રથમ દિવસે ભિષ્મ પિતામહે ભયંકર શંખનાદ કર્યો હતો અને એની સામે ભગવાન શ્રીકૃષ્ણે પાંચજન્ય નામનો શંખ ફૂંક્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ બહુ પવિત્ર, પાવન અને સુવિખ્યાત હતો અને કદમાં પણ બહુ મોટો હતો. શાસ્ત્રજ્ઞો એવું કહે છે કે પાંચજન્ય શંખનો ભયંકર ધ્વનિ કેટલાંય માઈલો સુધી સંભળાતો હતો. અગાઉ માણસના નામની માફક શંખની ઓળખ માટે શંખના પણ નામ પાડવામાં આવતાં હતાં, જેવાકે યુધિષ્ઠિરના શંખનું નામ અનંતવિજય, અર્જુનના શંખનું નામ દેવદત્ત, ભીમના શંખનું નામ પૌન્ડ્રક, નકુલના શંખનું નામ સુઘોષ તથા સહદેવના શંખનું નામ મણિપુષ્પક હતું અને આ તમામે જે જે સમયે જરૂરીયાત ઉભી થઈ તે સમયે પોતાના શંખો વગાડ્યા હતાં. શંખ વગાડવો એ બહુ અઘરું અને કઠિન કામ છે કારણકે એમાં પુષ્કળ હવા ભરીને છાતી અને શ્વાસોના આરોહથી વગાડવામાં આવે છે. સામાન્ય રીતે શંખ બે પ્રકારના જોવા મળે છે ડાબેરી શંખ તથા જમણેરી શંખ. મોટાભાગે આપણને ડાબેરી શંખ વધારે પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ જેમ જમણી સૂંઢ વાળા ગણપતિ અતિ પૂજનીય છે તેવી રીતે જમણેરી શંખને લોકો વધારે પસંદ કરે છે અને પૂજાપાઠ કે ધાર્મિક કાર્યોમાં જમણેરી શંખનો જ ઉપયોગ કરવામાં આવે છે. જમણેરી શંખને લોકો પવિત્ર,પાવન અને શુકનિયાળ ગણે છે. શાસ્ત્રો તથા પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે શંખના અગ્ર ભાગમાં પવિત્ર ગંગાજી, મધ્ય ભાગમાં વરૂણ દેવ તથા પાછળના ભાગમાં બ્રહ્માજીનો વાસ હોય છે. ભગવાન વિષ્ણુએ પોતાના હાથમાં પદ્મ, ચક્ર, તથા ગદાની સાથે શંખને પણ સ્થાન આપેલું છે. ભગવાન ગણપતિએ તથા ભગવાન દત્તાત્રેયે પણ શંખને પોતાના કરકમળમાં ધારણ કરેલ છે. આના ઉપરથી શંખની મહત્તા કેવી છે તે આપણે સમજી શકીએ છીએ. શંખ ઊપરથી ભગવાન વિષ્ણુનાં અન્ય નામો જેવા કે શંખપાણિ, શંખપુષ્પ, શંખમેન્ખી, શંખ સ્વામી તથા શંખજ વિગેરે પડેલા છે.આ ઉપરાંત શંખ ઊપરથી જૈનોના પવિત્ર સ્થળનું નામ શંખેશ્વર પડેલ છે. આ ઉપરાંત શંખોદ્ધાર, શંખલદીપ, શંખધ્વનિ જેવાં ગામનાં નામો પડેલા છે. શ્રી હરિ વિષ્ણુએ શંખને પોતાના કરકમળમાં વિરાજમાન કર્યા અને મંદિરોમાં પણ શંખને સ્થાન આપવામાં આવ્યું હોવાથી શંખનું મહત્વ વધી ગયું છે અને યુગો યુગો સુધી શંખને લોકો યાદ કરશે.

**સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિની ધીરજની કસોટી કરે, બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય**

# જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે, દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે તે જ જીવનના આ મહાન યુદ્ધમાં સાચા અર્થમાં સફળ યોદ્ધા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય,કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ વાર્તા છે અને તે એ છે કે તેમના જીવનમાં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા, તેમનું ગૌરવ પણ વધ્યું.**



અચાનક વધેલી ગરમી અને આકાશમાં દેખા દેતાં વાદળોથી ધરતી પુત્રોના જીવ તાળવે ચોટેલા છે. ટ્રમ ૪૭મા પ્રમુખપદે શપથ ગ્રહણ કર્યા ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જો તમે ધર્મના માર્ગના મુસાફર છોતો તમારે દરેક પગલેઆવનારા અવરોધોને સહન કરવા તૈયાર રહેવું જોઈએ.ધર્મના માર્ગે ચાલનાર વ્યક્તિનો માર્ગ ક્યારેય આસાન નથી હોતો. ધર્મ અથવા ભગવાનની ભક્તિનોમાર્ગ ખૂબ જ પડકારજનક માર્ગ છે. ભગવાનને શરણે જવાનો આ જ મહિમા છે કે મુશ્કેલ સંજોગોમાં પણ શરણાગત વ્યક્તિના મનમાં શ્રદ્ધા અને સકારાત્મકતા હંમેશા રહે છેઅને એ છેકે મારો ભગવાન મારી સાથે છે, તો પછી મારે શા માટે ચિંતા કરવી જોઈએ? અને તેમની આ શ્રદ્ધા તેમને પાંડવો જેવા સૌથી મોટા અવરોધો સામે પણ લડવાનો આત્મવિશ્વાસ આપે છે. બાળક બોલ સાથે રમે છે, વાજબી હાથ ફેર છે. તુલસી પિતા અને માતા સમાન છે રઘુનાથ સાથે છે.જેમ એક માસુમ બાળક સારા-ખરાબનો ભેદ ન જાણતા સાપ સાથે નિર્ભયતાથી રમવાનું શરૂ કરી દે છે અને આગ માં હાથ પણ નાખે છે, પરંતુ તે તેના માતા-પિતા દ્વારા નુકસાનથી બચી જાય છે.તેવી જ રીતે ભગવાન પણ દરેક પરિસ્થિતિમાં પોતાના ભક્તોના કલ્યાણનું ધ્યાન રાખે છે.ધર્મના માર્ગમાં તમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે પરંતુ તે તમને ક્યારેય નુકસાન પહોંચાડી શકે નહીં. જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય,કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ વાર્તા છે અને તે એ છે કે તેમના જીવનમાં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા, તેમનું ગૌરવ પણ વધ્યું. સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા કરે છે અને દુઃખ વ્યક્તિની ધીરજ ની કસોટી કરે છે. બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય છે. માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની કળા છે. મહાન માસ્ટરોએ તેમની ધીરજને દુઃખમાં તૂટતા જોયા છે. દુઃખના પ્રવાહમાં ધીરજનો બંધ તૂટે છે, જેમ વરસાદી નદીના વહેણમાં લાકડાનો નાનો પુલ તૂટી જાય છે. જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે અને દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે તે જ જીવનના આ મહાન યુદ્ધમાં સાચા અર્થમાં સફળ યોદ્ધા છે. જેમ કેટલાક જૂના ફૂલો સવારના પ્રથમ કિરણો સાથે ખરી પડે છે અને નવા ફૂલો ખીલે છે અને પ્રકૃતિને સુગંધિત બનાવે છે. કેટલાક સૂકા પાંદડા ઝાડમાંથી જમીન પર પડે છે અને નવા અંકુર ફૂટે છે અને પ્રકૃતિને સુંદર બનાવે છે. એ જ રીતે, નવો દિવસ નવી ઉર્જા અને નવા વિચાર સાથે આવે છે. જ્યારે નવો દિવસ આવે છે, ત્યારે તે તેની સાથે નવો આનંદ અને નવી આશા પણ લઈને આવે છે જેથી આપણે આપણા જીવનને નવા વિચારોથી સુગંધિત અને પ્રફુલ્લિત બનાવી શકીએ. મનુષ્યના મનને પણ દરરોજ સારા વિચારો અને સત્સંગના રૂપમાં સાબુથી સાફ કરવાની જરૂર છે જેથી વિચારોની અશુદ્ધિ દૂર થઈ શકે. જો બુદ્ધિ સંસ્કારિત ન થાય અને દરરોજ કેટલાક સારા વિચારો અને સારા વિચારોથી ભરેલી હોય તો આપણા એ જ દૂષિત વિચારો જીવન માટે ઝેર બની જાય છે અને તેની આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ બની જાય છે. હંમેશા સત્સંગના આશ્રયમાં રહેવું જેથી હૃદયની શુદ્ધતા અને વિચારોની શુદ્ધતા રહે. વિચારો અને સંગ જીવન ઘડતરમાં મોટી ભૂમિકા ભજવે છે. સંગઠન આપણા વિચારો નક્કી કરે છે, આપણું વ્યક્તિત્વ વિચારોથી બને છે. માત્ર આપણા પોતાના જીવનમાં ખરાબી આવવાથી આપણું જીવન ખરાબ નથી થતું, પરંતુ બીજાના જીવનમાં દુષ્ટતા જોઈને આપણું મન અશુદ્ધ થઈ જાય છે અને આપણું જીવનઅવ્યવસ્થિત થઈ જાય છે. જેમ તમે જે કરો છો તે તમને અસર કરે છે તેમ તમે જે લોકોના સંપર્કમાં આવો છો. તેવી જ રીતે, તમે જે પણ અન્ય લોકોના સંપર્કમાં આવો છો તે તમારા અંગત જીવનને ચોક્કસપણે અસર કરશે ચંદનના વૃક્ષના સંગથી સામાન્ય વૃક્ષો સુગંધિત બને છે અને દૂધના સંગથી પાણીનું મૂલ્ય પણ વધે છે. તેવી જ રીતે જીવનમાં, તમારું વાતાવરણ, તમારી કંપની, તમારો સમાજ તમારા જીવનને મૂલ્યવાન અથવા અમૂલ્ય બનાવે છે. પવિત્ર જીવન માટે પવિત્ર વિચારો અને પવિત્ર વિચારો માટે પવિત્ર વાતા વરણ હોવું ખૂબ જ જરૂરી છે. પૈસા અને ધર્મ બંને વ્યક્તિના વર્તનને બદલી નાખે છે. ધન હોય ત્યારે માણસ ગર્વથી ચાલે અને ધર્મ હોય ત્યારે નમ્રતાથી ચાલે. જીવનમાં ધન આવે તો વ્યક્તિ કૌરવોની જેમ અહંકારી બને છે અને જીવનમાં સંમતિ આવે તો વ્યક્તિ પણ પાંડવોની જેમ નમ્ર બને છે. જ્યારે ધર્મ વ્યક્તિના જીવનમાં આવે છે ત્યારે તે તેની સાથે નમ્રતા જેવા અનેક ગુણો લઈને આવે છે. નમ્રતાએ ધર્મની આવશ્યકતા નથી પણ ધર્મનો સ્વભાવ છે. નમ્રતા ધર્મ સાથે એટલી જ સરળતાથી આવે છે. જેટલી ફૂલ થી સુગંધ અને દીવાથી પ્રકાશ ધન હોવા છતાં જેઓ ધનના રૂપ માં લક્ષ્મીને ભગવાન શ્રીનારાયણની પગની દાસી માને છે અને નમ્રતાથી પોતાનું જીવન જીવે છે અને તેનો સદુપયોગ કરે છે, સાચે જ આ યુગમાં તેમનાથી શ્રેષ્ઠ સાધક કોઈ નથી. જો તમે ભૂલ કરો છો, તો તેને સ્વીકારતા શીખો.તમારી કબૂલાત પોતે જ તમને અન્યની નજરમાં ક્ષમા માટે હકદાર બનાવે છે. ભૂલને ઢાંકવા માટે બોલાયેલું જૂઠ તમને ભવિષ્યમાં ઘણી વખતજૂઠું બોલવાનું ચાલુ રાખશે તમારી ભૂલ સ્વીકારવાનો અર્થ એ પણ છે કે તમારી જાતને સુધારવાનો પ્રયાસ કરો. જો તમે અજાણતા ભૂલ કરો છો તો તે ચોક્કસપણે ક્ષમા પાત્ર છે, પરંતુ જો તમે તેને છુપાવવા માટે જૂઠું બોલીને બીજી ભૂલ કરો છો, તો તે ચોક્કસપણે સજાને પાત્ર છે ભૂલ કરવી એ કોઈ સમસ્યા નથી, ભૂલ કર્યા વિના કંઈ શીખી શકાતું નથી, પરંતુ એક જ ભૂલ ઘણી વખત કરવી એ ચોક્કસપણે ચિંતાનો વિષય છે. પોતાની ભૂલ છુપાવવીએ પોતાના જીવન માટે પણ વધુ જોખમી છે. અસત્યએ એક આવરણ જેવું છે જેમાં તે સમયે દોષો ઢાંકી દેવામાં આવે છે પણ તેનો નાશ કરી શકાતો નથી. જ્યારે સમય આવે છે ત્યારે તે નાની ભૂલો મોટી ભૂલોનું કારણ બની જાય છે. સત્યને ટેકો આપો, દરેક તમારો સાથ આપશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

**સુકન્યા સમૃદ્ધિ યોજનાઃ જીવનમાં પરિવર્તનનો દાયકો, દીકરીનાં ભવિષ્યમાં રોકાણ કરવું**

# સુકન્યા સમૃદ્ધિ યોજના (એસએસવાય) ભારતભરમાં લાખો યુવાન છોકરીઓ માટે આશા અને સશક્તીકરણનું કિરણ

**આ યોજનાથી માતા-પિતા કોઈ પણ પોસ્ટ ઓફિસ અથવા નિયુક્ત કોમર્શિયલ બેંક શાખામાં બાળકીઓ માટે સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકે છે, જેની શરૂઆત લઘુત્તમ પ્રારંભિક થાપણ ૨૫૦થી થાય છે અને ત્યાર પછીની થાપણો ૫૦નાં ગુણાકારમાં કરી શકાય છે. જો કે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ જમા કરાવવામાં આવે, ડિપોઝિટની કુલ વાર્ષિક મર્યાદા ૧,૫૦,૦૦૦ સુધી મર્યાદિત કરવામાં આવી છે, કોઈપણ વધારાની રકમ વ્યાજ મેળવશે નહીં અને પરત કરવામાં આવશે.**




જે તેમનાં સ્વપ્નો અને આકાંક્ષાઓને પોષવા માટે સરકારની અતૂટ કટિબદ્ધતાને સમાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૨ જાન્યુઆરી ૨૦૧૫ નાં રોજ બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ દીર્ઘદષ્ટા યોજના નાણાકીય સુરક્ષા અને સામાજિક સશક્તીકરણનાં તંતુઓને એક સાથે વણે છે. આ વર્ષે ૨૨ જાન્યુઆરી ૨૦૨૫, સુકન્યા સમૃદ્ધિ યોજનાનાં ૧૦ વર્ષ પૂર્ણ થયા છે, જે પરિવારોને તેમની પુત્રીઓનાં ઉજ્જ્વળ વાયદામાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, સમાવેશ અને પ્રગતિની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે. તેની અસરનાં પુરાવા તરીકે, નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪.૧ કરોડ સુકન્યા સમૃદ્ધિ ખાતાઓ ખોલવામાં આવ્યા છે, જે માત્ર એક સંખ્યા જ નહીં, પરંતુ ભારતની દરેક બાળકીઓ માટે સમાન અને આશાસ્પદ આવતીકાલનાં નિર્માણ તરફનાં એક આંદોલનનું પ્રતીક છે. આ પહેલ દ્વારા, રાષ્ટ્ર તેની પુત્રીઓની અપાર સંભવિતતાની ઉજવણી કરે છે, અને એ માન્યતાને પુષ્ટિ આપે છે કે એક બાળકીને સશક્ત બનાવવાથી સમાજનો પાયો મજબૂત થાય છે. સુકન્યા સમૃદ્ધિ યોજના કેવી રીતે કામ કરે છે? ખાતું ખોલાવવું, વાલી બાળકીનાં જન્મ પછી તરતથી તેની ૧૦ વર્ષની વય સુધી ખાતું ખોલાવી શકે છે. ખાતું ખોલાવવાનાં સમયથી લઈને મેચ્યોરિટી/ક્લોઝરનાં સમય સુધી નિવાસી ભારતીય હોય તેવી કોઈપણ બાળકી આ યોજના માટે પાત્ર છે. બાળક દીઠ માત્ર એક જ ખાતાની મંજૂરી છે. માતાપિતા તેમના દરેક બાળક માટે વધુમાં વધુ બે ખાતા ખોલી શકે છે. જો કે, જોડિયા અથવા ટ્રિપ્લેટ્સનાં કિસ્સામાં વધુ એકાઉન્ટ્સ માટે એક અપવાદની મંજૂરી છે. આ ખાતું ભારતમાં ગમે ત્યાં ટ્રાન્સફર કરી શકાય છે. ખાતું ખોલવા માટે નીચેના દસ્તાવેજો જરૂરી છે: સુકન્યા સમૃદ્ધિ એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ, બાળકીનું જન્મ પ્રમાણપત્ર, ઓળખનો પુરાવો (આરબીઆઈ કેવાયસી માર્ગદર્શિકા મુજબ), રહેઠાણનો પુરાવો (આરબીઆઈ કેવાયસી માર્ગદર્શિકા અનુસાર), જરૂરી ડિપોઝિટ, આ યોજનાથી માતા-પિતા કોઈ પણ પોસ્ટ ઓફિસ અથવા નિયુક્ત કોમર્શિયલ બેંક શાખામાં બાળકીઓ માટે સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકે છે. જેની શરૂઆત લઘુત્તમ પ્રારંભિક થાપણ ૨૫૦થી થાય છે અને ત્યાર પછીની થાપણો ૫૦નાં ગુણાકારમાં કરી શકાય છે. જો કે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ જમા કરાવવામાં આવે. ડિપોઝિટની કુલ વાર્ષિક મર્યાદા ૧,૫૦,૦૦૦ સુધી મર્યાદિત કરવામાં આવી છે. કોઈપણ વધારાની રકમ વ્યાજ મેળવશે નહીં અને પરત કરવામાં આવશે. ખાતા ખોલવાની તારીખથી પંદર વર્ષ સુધીનાં સમયગાળા માટે થાપણો કરી શકાય છે. ખાતાનું સંચાલન, જ્યાં સુધી બાળકી અઢાર વર્ષની ન થાય ત્યાં સુધી વાલી દ્વારા હિસાબનું સંચાલન કરવામાં આવે છે. આ વાલીને બચતની દેખરેખ રાખવા અને ખાતરી કરવાની મંજૂરી આપે છે કે ભંડોળનો ઉપયોગ બાળકનાં શિક્ષણ અને ભવિષ્યની જરૂરિયાતો માટે અસરકારક રીતે કરવામાં આવે છે. અઢાર વર્ષનાં થયા પછી ખાતાધારક જરૂરી દસ્તાવેજો રજૂ કરીને ખાતાનો કંટ્રોલ પોતે જ પોતાના હાથમાં લઈ શકે છે. વ્યાજની ગણતરી, વ્યાજની ગણતરી પાંચમા દિવસનાં અંત અને મહિનાનાં અંત વચ્ચે ખાતામાં સૌથી ઓછા બેલેન્સનાં આધારે માસિક ધોરણે કરવામાં આવે છે. દરેક નાણાકીય વર્ષનાં અંતે, આ વ્યાજ ખાતામાં જમા કરવામાં આવે છે, જેમાં કોઈપણ અપૂર્ણાંક રકમ નજીકની રકમમાં રૂપિયાને પૂર્ણાંક કરવામાં આવે છેઃ પચાસ પૈસા અથવા તેથી વધુની રકમને પૂર્ણાંક કરવામાં આવે છે, જ્યારે ઓછી રકમની અવગણના કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, ટ્રાન્સફરને કારણે એકાઉન્ટ ઓફિસમાં કોઈ પણ પ્રકારનાં ફેરફારની પરવા કર્યા વગર નાણાકીય વર્ષનાં અંતે વ્યાજ જમા કરવામાં આવે છે, જેનાથી બાળકીઓનો આર્થિક વિકાસ સતત અને સુરક્ષિત રહે તે સુનિશ્ચિત થાય છે. ખાતાની પરિપક્વતા ખાતું તેની શરૂઆતની તારીખથી ખાતાધારકનાં એકવીસ વર્ષ પૂર્ણ થયા પછી પરિપક્વ થાય છે. જો કે, ચોક્કસ સંજોગોમાં વહેલા બંધ કરવાની મંજૂરી આપવામાં આવે છે, ખાસ કરીને જો ખાતાધારક પરિપક્વતા પર પહોંચતા પહેલા લગ્ન કરવાનો ઈરાદો ધરાવે છે. આવા કિસ્સાઓમાં, ખાતાધારકે નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર પરની ઘોષણા સાથે અરજી સબમિટ કરવાની રહેશે, જે નોટરી દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત અને લગ્નની તારીખે તેઓ ઓછામાં ઓછા અઢાર વર્ષનાં હશે તેની પુષ્ટિ કરતા ઉંમરનાં પુરાવા પૂરા પાડવાના રહેશે. મહત્વનું છે કે, આ પ્રારંભિક બંધ ઈચ્છિત લગ્ન પહેલા માત્ર એક મહિનાની વિન્ડોમાં થઈ શકે છે અને લગ્ન પછીનાં ત્રણ મહિનાની અંદર પૂર્ણ થવું જરૂરી છે. મંજૂરી મળ્યા પછી, ખાતાધારક લાગુ વ્યાજ સાથે બાકી રકમ પ્રાપ્ત કરવા માટે અરજી ફોર્મ સબમિટ કરી શકે છે. જ્યારે જરૂર પડે ત્યારે ભંડોળની એક્સેસની ખાતરી કરી શકે છે. ખાતાધારક અગાઉનાં નાણાકીય વર્ષનાં અંતે, ખાસ કરીને શૈક્ષણિક હેતુઓ માટે, બાકીની રકમનાં પચાસ ટકા સુધીનાં ઉપાડ માટે અરજી કરી શકે છે. આ ઉપાડ ખાતાધારક અઢાર વર્ષની થાય અથવા દસમા ધોરણને પૂર્ણ કરે, બેમાંથી જે પ્રથમ આવે તે પછી જ માન્ય છે. આ પ્રક્રિયા શરૂ કરવા માટે, ખાતાધારકે જરૂરી દસ્તાવેજોની સાથે એક અરજી સબમિટ કરવાની રહેશે, જેમ કે પ્રવેશની પુષ્ટિ કરેલી ઓફર અથવા નાણાકીય આવશ્યકતાઓની વિગતો આપતી શૈક્ષણિક સંસ્થા પાસેથી ફી-સ્લિપ. ઉપાડ કાં તો લમ્પ સમ તરીકે અથવા હપ્તામાં કરી શકાય છે, જેમાં પાંચ વર્ષ સુધી દર વર્ષે વધુમાં વધુ એક ઉપાડ થાય છે, હંમેશા ખાતરી કરો કે આ રકમ પ્રવેશ ઓફર અથવા ફી-સ્લિપમાં દર્શાવ્યા મુજબ વાસ્તવિક ફી અને ચાર્જથી વધુ ન હોય. ખાતાધારકનાં મૃત્યુનાં કમનસીબ સંજોગોમાં સક્ષમ અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા ડેથ સર્ટિફિકેટ સાથે અરજી રજૂ કર્યા બાદ તરત જ ખાતું બંધ કરી શકાય છે. મૃત્યુની તારીખ સુધી બાકીની રકમ અને સંચિત વ્યાજ વાલીને ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, ખાતાધારકનાં મૃત્યુ અને ખાતું બંધ થવા વચ્ચેનાં સમયગાળા માટેનાં વ્યાજની ગણતરી પોસ્ટ ઓફિસ બચત ખાતાઓને લાગુ પડતા દરે કરવામાં આવશે. તદુપરાંત, અત્યંત કરુણાપૂર્ણ આધારોનાં કિસ્સાઓમાંઃ જેમ કે ખાતાધારક જીવલેણ તબીબી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે અથવા વાલીનાં મૃત્યુનો સામનો કરી રહ્યો છે, એકાઉન્ટ્સ ઓફિસ સંપૂર્ણ દસ્તાવેજો પૂરા પાડ્યા પછી અકાળે બંધ કરવાની મંજૂરી આપી શકે છે. જો કે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે ખાતું ખોલ્યાનાં પ્રથમ પાંચ વર્ષમાં કોઈ ખાતું અકાળે બંધ થઈ શકે નહીં. સુકન્યા સમૃદ્ધિ યોજના ભારતમાં બાળકીઓનાં ભાવિને સુરક્ષિત રાખવાનાં હેતુથી પરિવર્તનશીઆ યોજનાથી માતા-પિતા કોઈ પણ પોસ્ટ ઓફિસ અથવા નિયુક્ત કોમર્શિયલ બેંક શાખામાં બાળકીઓ માટે સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકે છે. જેની શરૂઆત લઘુત્તમ પ્રારંભિક થાપણ ૨૫૦થી થાય છે અને ત્યાર પછીની થાપણો ૫૦નાં ગુણાકારમાં કરી શકાય છે. જો કે નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૨૫૦ જમા કરાવવામાં આવે. ડિપોઝિટની કુલ વાર્ષિક મર્યાદા ૧,૫૦,૦૦૦ સુધી મર્યાદિત કરવામાં આવી છે. કોઈપણ વધારાની રકમ વ્યાજ મેળવશે નહીં અને પરત કરવામાં આવશે. ખાતા ખોલવાની તારીખથી પંદર વર્ષ સુધીનાં સમયગાળા માટે થાપણો કરી શકાય છે.

## ઓસ્કાર ૨૦૨૫ યોજાશે જ : એકેડેમીની સ્પષ્ટતા



અમેરિકાના કેલિફોર્નિયા અને લોસ એન્જલસના જંગલોમાં વિકરાળ આગ લાગી હતી. કરોડોનું નુકસાન થયું હતું અને આ વિસ્તારની આસપાસ રહેતી ઘણી હોલિવૂડ હસ્તીઓએ પોતાના ઘર છોડીને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. તેથી ઘણા લોકો એવી ચર્ચા કરી રહ્યા હતા અને અંદાજ લગાવી રહ્યા હતા કે આ વર્ષે ઓસ્કાર એવોર્ડ્ઝ યોજાશે નહીં. એવા કેટલાંક અહેવાલો પણ પ્રકાશિત થઈ રહ્યા હતા. પરંતુ એકેડેમી દ્વારા આ અહેવાલોને ફગાવી દઈને અફવા ગણાવવામાં આવ્યા છે. તેમણે ખાતરી આપી છે કે એવોર્ડ ચોક્કસ યોજાશે.બ્રિટિશ અખબારોના અહેવાલ મુજબ, ‘‘ઓસ્કાર એવોર્ડ સેરેમની ૯૬ વર્ષમાં પહેલી વખત રદ થવાના આરે છે એકેડેમી એવોર્ડની અધિકૃત સમિતિ દરરોજ સ્થિતિનો અભ્યાસ કરે છે, જેમાં ટોમ હેન્ક્સ, એમા સ્ટોન, મેરિલ સ્ટ્રીપ અને સ્ટીવન સ્પિલબર્ગ સહિતના કલાકારો સામેલ છે.’’પરંતુ હવે ધ હોલિવૂડ રિપોર્ટરના અહેવાલના આધારે કહેવાયું છે, ‘‘આવું કોઈ આયોજન નથી અને આવી કોઈ સમિતિ અસ્તિત્વમાં જ નથી. હજુ ઓસ્કાર એવોર્ડના સમારોહને ૪૭ દિવસનો સમય છે. તેથી હજુ સુધી તો તારીખમાં પણ કોઈ ફેરફાર કરાયો નથી. હા, એવોર્ડના નોમિનેશન્સ માટેની સમયમર્યાદા ચોક્કસ લંબાવવામાં આવી છે. ૨૩ જાન્યુઆરીએ નોમિનેશન્સની જાહેરાત કરવામાં આવશે.’’અમેરિકાની એકેડેમી ઓફ મોશન પિક્ચર્સ, આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા ઓસ્કાર એવોર્ડ આપવામાં આવે છે. લોસ એન્જલસની આગમાં મેન્ડી મુરે, પેરિસ હિલ્ટન જેવા કલાકારોના ઘર બળીને ખાખ થઈ ગયા છે.

### કેરાલાના વિવિધ લોકેશન્સ પર ફિલ્મનું શૂટ થશે

## જહાન્વી કપૂર અને સિદ્ધાર્થ મલ્હોત્રા ‘પરમ સુંદરી’ ફિલ્મ માટે કેરાલા રવાના

**અગાઉ ફિલ્મના મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર ‘પરમ સુંદરી’ ફિલ્મનું પોસ્ટર અને ફિલ્મ રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી હતી**

જહાન્વી કપૂર અને સિદ્ધાર્થ મલ્હોત્રા એક મહિના માટે કેરાલા જવા રવાના થયા છે, જ્યાં તેઓ ‘પરમ સુંદરી’નું શૂટ કરશે. ‘દસવી’થી જાણીતા ડિરેક્ટર તુષાર જલોટા દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવશે, આ ઉપરાંત આ જોડી પણ પહેલી વખત જોવા મળવાની હોવાથી દર્શકો પણ ઘણા ઉત્સાહીત છે. તાજેતરમાં સિદ્ધાર્થ મલ્હોત્રાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે જહાન્વી સાથે કામ કરવા બાબતે ઘણો ઉત્સુક છે. તેણે કહ્યું હતું કે તેણે દિવાળીથી નવી શરૂઆત કરી છે. તે ફરી એક વખત રોમેન્ટિક ફિલ્મ કરી રહ્યો છે. લાંબા સમય પછી તે હળવી અને યાદગાર ફિલ્મ કરી રહ્યો હોવાની વાત કરી હતી.અગાઉ ફિલ્મના મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર ‘પરમ સુંદરી’નું પોસ્ટર અને રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી હતી. જેમાં પહેલાં સુંદરી તરીકે જહાન્વીનું પોસ્ટર લોંચ કરાયું હતું, જેમાં પાછળ દરિયાકાંઠો જોઈ શકાતો હતો. તેમાં જહાન્વી લાલ



કૂર્તા અને ગ્રીન ઈઅરિંગ્ઝ સાથે વાળમાં વેણી નાખેલી દેખાતી હતી. તેની કેપ્શનમાં લખ્યું હતું, ‘‘સાઉથની સુંદરી તરીકે જહાન્વી કપૂર પોતાની સુંદરતાથી તમારા દિલ પીગળાવી દેશે’’બીજી એક પોસ્ટથી સિદ્ધાર્થની પરમ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. જેમાં તે પણ દરિયા કિનારે દેખાતો હતો. જેમાં તે વ્હાઈટ ટીશર્ટ અને ડેનિમ જેકેટ સાથે સનગ્લાસમાં સ્ટાઈલિશ દેખાતો હતો. તેની કેપ્શનમાં લખ્યું હતું, ‘‘ઉત્તરનો મુંડો પરમ તેનો જાદુ ચલાવીને તમારા દિલમાં ઉતરી જશે.’’ અન્ય એક પોસ્ટરમાં બંને એકસાથે દેખાતાં હતાં અને તેમાં સિદ્ધાર્થ કૂર્તો અને ધોતી પહેરીને પાણીમાં ઊભો હતો, તેણે જહાન્વીને ઉઠાવી હતી, તેણે સફેદ સાઉથ ઈન્ડિયન સાડી પહેરી હતી. આ ફિલ્મ ૨૫ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે. આ ફિલ્મ પછી સિદ્ધાર્થ રેસ ૪નું કામ શરૂ કરશે, જેમાં તે સૈફ અલી ખાન સાથે કામ કરશે અને જહાન્વી સન્ની સંસ્કારી કી તુલસી કુમારી માટે વરુણ ધવન સાથે કામ શરૂ કરશે.

## શૂટિંગ કર્યા વિના જ પરત ફર્યો હતો અક્ષય

સલમાન ખાને અક્ષય કુમાર સાથે ‘બિગ બોસ ૧૮’ના ફિનાલે સેટ પરથી શૂટિંગ કર્યા વિના બહાર નીકળવા અંગે વાત કરી હતી. અક્ષય પોતાની આગામી ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ના પ્રમોશન માટે વીર પહાડિયા સાથે રિયાલિટી શો ‘બિગ બોસ’ના સેટ પર આવ્યો હતો. જોકે, શૂટિંગ શરૂ થાય તે પહેલાં જ અક્ષય ત્યાંથી ચાલ્યો ગયો. ‘બિગ બોસ ૧૮’ના ગ્રાન્ડ ફિનાલેમાં સલમાન ખાન મોડો પહોંચ્યો, જેના કારણે અક્ષય કુમાર શૂટિંગ કર્યા વિના સેટ છોડીને ચાલ્યો ગયો. સલમાન ખાને ખુલાસો કર્યો કે અક્ષય કુમાર તેની આગામી ફિલ્મના પ્રમોશન માટે સેટ પર આવ્યો હતો. સલમાને કહ્યું કે, ‘હું થોડો મોડો પડ્યો હતો અને તેને બીજા ફંક્શન માટે જવાનું હતું, તેથી તે ચાલ્યો ગયો.’અહેવાલો અનુસાર, અક્ષયની અન્ય ફિલ્મ, ‘જોલી એલએલબી ૩’નું ટેસ્ટ સ્ક્રીનિંગ હતું, જેના કારણે તે ત્યાંથી ચાલ્યો ગયો. અક્ષય તેના નિર્ધારિત સમયે, બપોરે ૨:૧૫ વાગ્યાની આસપાસ શૂટિંગ માટે સેટ પર પહોંચ્યો, પરંતુ સલમાન ત્યાં સુધી નહતો પહોંચ્યો. અક્ષયે સલમાનના આવવા માટે એક કલાક રાહ જોઈ, પણ તેના શેડ્યૂલમાં ‘જોલી એલએલબી ૩’નું ટ્રાયલ સ્ક્રીનિંગ હતું. તેથી, એક કલાક રાહ જોયા પછી, અક્ષય શોનું શૂટિંગ કર્યા વિના પાછો ફર્યો. અક્ષયને ઘણી વાર પાછા ફરવા માટે ફોન કરવામાં આવ્યો, પણ તે આવ્યો નહીં. તમને જણાવી દઈએ કે ‘સ્કાય ફોર્સ’ ૨૪ જાન્યુઆરીએ, પ્રજાસત્તાક દિવસ પહેલા રિલીઝ થશે. ફિલ્મમાં અક્ષય કુમાર એક વાયુસેના અધિકારીની ભૂમિકા ભજવી રહ્યા છે, જે સાથી સૈનિકોના મૃત્યુ પછી બદલો લેવાના મિશન પર હોય છે. આ હાઈ-સ્ટેક થ્રિલર ફિલ્મનું દિગ્દર્શન સંદીપ કેવલાણી અને અભિષેક કપૂર દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં અક્ષયની સાથે વીર પહાડિયા, સારા અલી ખાન અને નિમરત કૌર પણ છે. દરમિયાન, સોમવારે કરણ વીર મહેરાએ ‘બિગ બોસ ૧૮’ની ટ્રોફી જીતી. સલમાને સ્ટેજ પર આ જાહેરાત કરી. કરણે ફાઈનલમાં ટીવી સ્ટાર વિવિયન ડીસેનાને હરાવ્યો.

### અભિનેત્રી કંગના રનૌત તેના સ્પષ્ટવક્તા શૈલી માટે ઘણી જાણીતી છે

## મારી જિંદગીમાં વિવાદો પુરુષોના લીધે જ આવ્યા

**તેને પૂછવામાં આવ્યું કે તેણીએ તેની ફિલ્મ ‘ઇમર્જન્સી’માં તેના જીવનના કયા પાસાઓ પર સ્પર્શ કર્યો છે**






અભિનેત્રી કંગના રનૌત આજકાલ તેની ફિલ્મ ‘ઈમર્જન્સી’ માટે સમાચારમાં છે અને તે આ દિવસોમાં ઈન્ટરવ્યુ પણ આપી રહી છે. કંગનાએ તાજેતરમાં જ તેના જીવનમાં પુરુષો વિશે વાત કરી અને કહ્યું કે તેના જીવનમાં જેટલી પણ ખોટી વાતો કહેવામાં આવી છે તે ફક્ત પુરુષો દ્વારા જ કહેવામાં આવી છે.અભિનેત્રી કંગના રનૌત તેના સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેણીએ કહ્યું કે તેણીની કારકિર્દી દરમિયાન જે વિવાદો તેને ઘેરી રહ્યા છે તે ફક્ત પુરુષોના કારણે છે. તેમણે જે પણ ટિપ્પણીઓ કરી, તેનાથી વિવાદ સર્જાયો. કંગનાએ કહ્યું કે તેને આ ખોટું લાગે છે. કંગનાએ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પર આધારિત તેની નવી ફિલ્મ ‘ઈમર્જન્સી’ના નિર્માણ વિશે વાત કરી. કંગનાને પૂછવામાં આવ્યું કે તેણીએ તેની ફિલ્મ ‘ઈમર્જન્સી’માં તેના જીવનના કયા પાસાઓ પર સ્પર્શ કર્યો છે.આ અંગે તેણીએ કહ્યું, ‘જ્યારે હું ફિલ્મ માટે સંશોધન કરી રહી હતી, ત્યારે લોકો સનસનાટીભર્યા સંબંધો અને મિત્રતા વિશે વાત કરતા હતા.’ હું સ્તબ્ધ થઈ ગઈ. મેં કહ્યું, ‘એક સ્ત્રી ફક્ત તેના જીવનમાં મળેલા પુરુષો સુધી જ કેમ મર્યાદિત છે, પછી ભલે તે ગમે તે હોય?’ આ ખૂબ જ ખોટું હતું. મેં ખૂબ કાળજી રાખી છે કે હું એ દિશામાં પણ ન જાઉં અને તેમને વડા પ્રધાન તરીકે કડક રીતે જોઉં. તેણીએ શું કર્યુ અને શું ન કરી શકી, તેણી ક્યાં પહોંચી અને તેણીએ કઈ ભૂલો કરી, તેને એક વાર્તા તરીકે જુઓ.‘ઈમર્જન્સી’નું ગ્રાન્ડ સ્ક્રીનિંગ, કંગના રનૌત શાહી અંદાજમાં પહોંચી, લોકોને ફિલ્મ જોવાની અપીલ કરી!પોતાના જીવન વિશે વાત કરતાં કંગનાએ કહ્યું, ‘મને લાગે છે કે એક સ્ત્રી માટે આ રીતે લેબલ લગાવવું ખૂબ જ અપમાનજનક છે... મેં મારી અભિનેત્રી તરીકેની કારકિર્દીમાં પણ જોયું છે, મોટાભાગે મારા વિવાદો પુરુષો શું કહે છે તે અંગે હોય છે.’ કોઈએ મારી સામે કેસ કર્યો હોય કે કોઈએ મને ડાકણ કહી હોય અથવા કોઈએ એવું કંઈક કહ્યું હોય જેનાથી એક કલાકાર તરીકેની મારી વિશ્વસનીયતા નષ્ટ થઈ ગઈ હોય. આ સાચું નથી.નોંધનીય છે કે વર્ષ ૨૦૧૬માં ઋતિક રોશને કંગના વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. તેમણે બંને વચ્ચેના ઈમેલ સંબંધિત કેસ દાખલ કર્યો હતો. ઋતિકે ફરિયાદ નોંધાવી હતી કે કોઈ તેના વતી નકલી ઈમેલ આઈડીનો ઉપયોગ કરીને કંગનાને ઈમેલ કરી રહ્યું છે. ત્યારબાદ કંગનાએ દાવો કર્યો હતો કે ઋત્વિકે તેને એક ઈમેઈલ આઈડી આપ્યો હતો અને તેઓ ૨૦૧૪ સુધી તે જ ઈમેઈલ આઈડી દ્વારા વાતચીત કરતા હતા. આ ઈમેઈલ્સ ૨૦૧૩ અને ૨૦૧૪ માં મોકલવામાં આવ્યા હોવાનું કહેવાય છેથોડા વર્ષો પહેલા, કંગનાના ભૂતપૂર્વ બોયફ્રેન્ડ અધ્યયન સુમને આરોપ લગાવ્યો હતો કે તેણીએ તેને માસિક સ્રાવ દરમિયાન નીકળતું લોહી પીવા માટે મજબૂર કર્યો હતો . બંને ૨૦૦૮ થી ૨૦૦૯ સુધી થોડા મહિનાઓ સુધી રિલેશનશિપમાં રહ્યા.કંગના ફિલ્મ ‘ઈમર્જન્સી’માં જોવા મળી રહી છે.

### આ ડોક્યુમેન્ટરીમાં સુભાષ ઘાઈ સાથે સદ્‌ગુરુ પણ જોડાયા

## સુભાષ ઘાઈએ મહાકુંભની સફર પર ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી

હાલ અખબારો, ટીવી અને સોશિયલ મીડિયા પર મહાકુંભના સમાચાર, ઘટનાઓ અને વીડિયો છવાયેલા રહે છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભ મેળા પર જાણીતા ફિલ્મ ડિરેક્ટર શોમેન સુભાષ ઘાઈ દ્વારા એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવી છે. જેમાં સદ્‌ગુરુની પણ મહત્વની ભૂમિકા છે. આ ફિલ્મમાં સદ્‌ગુરુએ પણ મહત્વની ભુમિકા ભજવી છે. તેમાં મહાકુંભની ઊંડી અને રસપ્રદ માહિતિ આપવામાં આવી છે, આ ડોક્યુમેન્ટરી માત્ર જોવામાં જ



મજાની છે એવું નથી, પરંતુ તે દર્શકોને ધાર્મિક સમજ અને વૈજ્ઞૈનિક તર્ક સાથે પણ જોડે છે જે હિન્દુત્વની સૌથી મોટી અને પૌરાણિક આધ્યાત્મિક ઘટના છે. તેમાં શ્રદ્ધાળુઓ, વિજ્ઞાન સાથે જોડાયેલાં લોકો અને ધાર્મિક પ્રતિનિધિઓએ કુંભ મેળાની આધ્યાત્મિક સફરની વાત કરી છે. સદ્‌ગુરુની જ્ઞાનસભર વાતો અને કુંભના રસપ્રદ દૃશ્યોથી આ ડોક્યુમેન્ટરીમાં બ્રહ્માંડ અને આધ્યાત્મ તેમજ પવિત્રતાના જોડાણથી લાખો શ્રદ્ધાળુઓ કઈ રીતે જોડાય છે, તે દર્શાવાયું છે. તેમાં એ પણ દર્શાવાયું છે કે આજે પણ પૌરાણિક પરંપરાઓ કઈ રીતે પ્રસ્તુત છે અને આધુનિક વિચારધારા સાથે આધ્યાત્મિકતાને કઈ રીતે જોડે છે. આ ફિલ્મ અંગે સુભાષ ઘાઈએ કહ્યું,‘‘આ ડોક્યુમેન્ટરી દ્વારા હું વિજ્ઞાન અને ધાર્મિકતા વચ્ચેના કલ્પનાતિત સંબંધને લોકોના ધ્યાનમાં લાવવા માગતો હતો અને મારે દર્શાવવું હતુ કે આ પવિત્ર ઘટના માત્ર આસ્થાની ઉજવણી નથી પરંતુ સાંસ્કૃતિક અને બ્રહ્માંડીય વારસાને પણ દર્શાવે છે.’’આ ડોક્યુમેન્ટરી માત્ર જોવામાં જ મજાની છે એવું નથી, પરંતુ તે દર્શકોને ધાર્મિક સમજ અને વૈજ્ઞૈનિક તર્ક સાથે પણ જોડે છે. સુભાષ ઘાઈએ દર્શકોને મહાકુંભના રીત-રિવાજો પણ દર્શાવ્યા છે, જે દર્શકોને તેનું વૈશ્વિક મહત્વ સમજવા મદદ કરે છે. આ ફિલ્મ સ્પષ્ટ કરે છે કે હિન્દુ ધર્મ બ્રહ્માંડના રહસ્યોથી પર છે.૬ મિનિટથી લાંબી આ ડોક્યુમેન્ટરી સુભાષ ઘાઈની યુટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે.

### ‘ધ રોશન્સ’માં કલાકારોએ કરી રોશન્સ વિશે વાતો

## પ્રિયંકાએ હૃતિક અને રાકેશ રોશનનાં એન્ટિ નેપોટીઝમ વલણના વખાણ કર્યા

**પ્રિયંકાએ કહ્યું, તેઓ એક લાંબી યાદી બનાવે છે, જેમાં તેઓ નવા લોકોને લાવે છે અને તેમના માટે તકો ઉભી કરે છે**





પ્રિયંકા ચોપરાએ હિતિક રોશન અને રાકેશ રોશનના દરેકને તક આપવાના વલણના તાજેતરમાં વખાણ કર્યા છે. નેટફ્લિક્સ પર તાજેતરમાં ‘ધ રોશન્સ’ નામની ડોક્યુ સિરીઝ રિલીઝ થઈ છે. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ રોશન્સ વિશે વાતો કરી છે. તેમાં પ્રિયંકા ચોપરાએ કહ્યું હતું કે રાકેશ રોશન અને હિતિક રોશને તેઓ કઈ રીતે બહારના લોકોને તેમની ફિલ્મોમાં તક આપે છે અને નેપોટીઝમને મહત્વ નથી આપતા તે અંગે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું, ‘‘તેઓ એક લાંબી યાદી બનાવે છે, જેમાં તેઓ નવા લોકોને લાવે છે અને તેમના માટે તકો ઉભી કરે છે. જેથી તેમણે જે બનાવ્યું છે, તેનો લાભ એ લોકો એકલા ન લે અને બહારના લોકોને પણ મળે. તેમની આ બીજા માટે જગ્યા રાખવાની વિચારધારાને હું ખરેખર સરાહું છું.’’પ્રિયંકા ચોપરાએ ક્રિશ અને ક્રિશ ૩માં તેમની સાથે કામ કર્યુ હતું. જેમાં તેણે સુપરહિરો ક્રિશનો રોલ કરતા હિતિક રોશન સાથે લીડ રોલ કર્યો હતો. આ બંને ફિલ્મો રાકેશ રોશનના ફિલ્મક્રાફ્ટ પ્રોડક્શન્સ દ્વારા ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રિયંકાએ ૨૦૧૨માં હિતિક સાથે કરણ મલ્હોત્રાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ અગ્નિ પથમાં પણ કામ કર્યુ હતું. જે કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. હાલ આ મુદ્દો ચર્ચામાં છે કારણ કે અગાઉ પ્રિયંકા એક પોડકાસ્ટમાં ૨૦૨૩માં બોલિવૂડમાં પ્રસરી ગયેલા નેપોટીઝમ પર વાત કરી ચૂકી છે. તેણે કહ્યું હતું, ‘‘બોલિવૂડમાં એવા કલાકારો છે જેમની પેઢીઓની પેઢીઓ ફિલ્મોમાં આવ્યા કરે છે અને તેમને અનેક તકો મળ્યા કરે છે, સામે એવા લોકો પણ છે જે બહારથી આવે છે. તમે તમારા પરિવારની છેલ્લી આશા છો તો તમારા કાકા તમારા કાકા તામારા તમારા માટે ફિલ્મ નથી બનાવતા, બરાબર? તમારે તમારી જાતે એ મેળવવું પડે છે અને તેના માટે સંઘર્ષ કરવો પડે છે. આ ચિંતાથી જ હું પ્રોડક્શનમાં આવી. કારણ કે છ ફિલ્મો ન ચાલી અને હું કોઈ નેપો બેબી નથી તો મને ચિંતા થઈ. બોલિવૂડની ફિલ્મોમાં મને એવો કોઈનો ટેકો નથી.’’

### આ દરમિયાન અક્ષય કુમાર કાળા ટ્રેક સૂટમાં ખૂબ જ સુંદર દેખાતો હતો

## અક્ષય કુમાર અને વીર પહાડિયાની કારકિર્દીનો મદાર સ્કાય ફોર્સ પર

**અક્ષય કુમાર અભિનીત ફિલ્મ સ્કાય ફોર્સથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહેલા વીર પહાડિયાને પણ એક ખાનગી એરપોર્ટ પર જોવામાં આવ્યો હતો**

બોલિવૂડના ખિલાડી કુમાર એટલે કે અક્ષય કુમાર હંમેશા હેડલાઈન્સમાં રહે છે. હાલમાં, અભિનેતા તેની આગામી ફિલ્મ સ્કાય ફોર્સના પ્રમોશનમાં વ્યસ્ત છે. સ્કાય ફોર્સ’ના પ્રમોશન દરમિયાન એરપોર્ટ પર અક્ષય કુમાર અને વીર પહાડિયા જોવા મળ્યા હતા. ‘ખિલાડી કુમાર’ના સ્ટાઈલિશ અંદાજથી ચાહકો પ્રભાવિત થયા. અક્ષય કુમારની પાછલી ઘણી ફિલ્મો એક પછી એક ફ્લોપ રહી છે. હવે આ અભિનેતા ૨૦૨૫ માં તેની પહેલી ફિલ્મ સાથે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે. ખરેખર, અક્ષય હવે સ્કાય ફોર્સમાં જોવા મળશે. આ ફિલ્મ વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. અક્ષય પણ તેના સહ-અભિનેતા વીર પહાડિયા સાથે ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરી રહ્યો છે.બોલિવૂડના ખિલાડી કુમાર એટલે કે અક્ષય કુમાર સોમવારે સવારે એક ખાનગી એરપોર્ટ પર જોવા મળ્યા હતા.આ દરમિયાન અક્ષય કુમાર કાળા ટ્રેક સૂટમાં ખૂબ જ સુંદર દેખાતો હતો. અક્ષય કુમાર અભિનીત ફિલ્મ સ્કાય ફોર્સથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહેલા વીર પહાડિયાને પણ સોમવારે સવારે એક ખાનગી એરપોર્ટ પર જોવામાં આવ્યો હતો.વીર પણ ખૂબ જ સુંદર દેખાતો હતો. તેણે કાળા પેન્ટ અને જેકેટ સાથે મરૂન રંગનો શર્ટ પહેર્યો હતો. વીર કાળા ચશ્માામાં સારો દેખાતો હતો. સલમાન ખાને અક્ષય કુમાર સાથે ‘બિગ બોસ ૧૮’ના ફિનાલે સેટ પરથી શૂટિંગ કર્યા વિના બહાર નીકળવા અંગે વાત કરી હતી. અક્ષય પોતાની આગામી ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ના પ્રમોશન માટે વીર પહાડિયા સાથે રિયાલિટી શો ‘બિગ બોસ’ના સેટ પર આવ્યો હતો. જોકે, શૂટિંગ શરૂ થાય તે પહેલાં જ અક્ષય ત્યાંથી ચાલ્યો ગયો. ‘બિગ બોસ ૧૮’ના ગ્રાન્ડ ફિનાલેમાં સલમાન ખાન મોડો પહોંચ્યો, જેના કારણે અક્ષય કુમાર શૂટિંગ કર્યા વિના સેટ છોડીને ચાલ્યો ગયો. સલમાન ખાને ખુલાસો કર્યો કે અક્ષય કુમાર તેની આગામી ફિલ્મના પ્રમોશન માટે સેટ પર આવ્યો હતો. સલમાને કહ્યું કે, ‘હું થોડો મોડો પડ્યો હતો અને તેને બીજા ફંક્શન માટે જવાનું હતું, તેથી તે ચાલ્યો ગયો.’અહેવાલો અનુસાર, અક્ષયની અન્ય ફિલ્મ, ‘જોલી એલએલબી ૩’નું ટેસ્ટ સ્ક્રીનિંગ હતું, જેના કારણે તે ત્યાંથી ચાલ્યો ગયો.



# કેન્દ્રશાસિત પ્રદેશ દીવ બન્યું સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ આવરણીત ક્ષેત્ર, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે છોકરીઓને પાસબુકનું કર્યું વિતરણ



। અમદાવાદ, તા.૨૧ ।

આપણા દેશમાં છોકરીઓનું સ્થાન મહત્વપૂર્ણ છે. છોકરીઓના સશક્તિકરણ માટે, 'બેટી બચાવો, બેટી પઢાઓ' હેઠળ 'સુકન્યા સમૃદ્ધિ યોજના' દ્વારા પુત્રીઓના ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી અને લગ્ન માટે આર્થિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં આવી. ઉપરોક્ત વિચારો સૌરાષ્ટ્ર અને કચ્છ પરીક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૦ જાન્યુઆરીના રોજ દીવને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ આવરણીત ક્ષેત્ર બનાવવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વ્યક્ત કર્યા. દીકરીઓને 'સુકન્યા સમૃદ્ધિ યોજના'ની પાસબુક અને ભેટોનું વિતરણ કરતી વખતે તેમણે કહ્યું કે આ દ્વારા દીકરીઓ આત્મનિર્ભર બનશે અને 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના પણ સાકાર થશે. આ પ્રસંગે નાણાકીય સમાવેશ હેઠળ, પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક, મહિલા સન્માન સેવિંગ્સ સર્ટિફિકેટ, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની વિવિધ યોજનાઓ માટે ખાતા ખોલવામાં આવ્યા અને લોકોને આ યોજનાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે કન્યાઓનું સશક્તિકરણ પરિવાર, સમાજ અને આખરે રાષ્ટ્રને મજબૂત બનાવે છે. ૧૦ વર્ષ સુધીની છોકરીઓ માટે પોસ્ટ ઓફિસમાં માત્ર રૂા.૨૫૦ માં ખોલી શકાય તેવી સુકન્યા સમૃદ્ધિ યોજના માત્ર રોકાણનું સાધન નથી, પરંતુ તે છોકરીઓના ઉજ્જ્વળ અને સમૃદ્ધ ભવિષ્ય સાથે પણ જોડાયેલી છે. ડાક વિભાગના કર્મચારીઓની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે ઘરે ઘરે જઈને ઝુંબેશ ચલાવીને દીકરીઓને આ યોજના સાથે જોડવામાં આવી તે પ્રશંસનીય કાર્ય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક વિભાગ હવે ફક્ત પત્રો જ પહોંચાડતું નથી પરંતુ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો પણ લોકો સુધી પહોંચાડી રહ્યું છે. નાણાકીય સશક્તિકરણ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં ડાક વિભાગની મહત્વપૂર્ણ ભૂમિકા છે. એક છત નીચે અનેક સેવાઓ ઉપલબ્ધ કરાવીને પોસ્ટ ઓફિસોને બહુહેતુક બનાવવામાં આવી છે. પોસ્ટ ઓફિસમાં બચત, વીમો, આધાર, પાસપોર્ટ, કોમન સર્વિસ સેન્ટર, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ગંગા જળ વેચાણ, ઊઈ કોડ આધારિત ડિજિટલ પેમેન્ટ જેવી ઘણી સુવિધાઓ ઉપલબ્ધ છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા લોકોને ઘરે બેઠા ડિજિટલ બેંકિંગ સહિતની તમામ સુવિધાઓ મળી રહી છે. 'પોસ્ટમેન ટપાલ લાવ્યો' થી 'પોસ્ટમેન બેંક લાવ્યો' અને 'અહર્નિશમ સેવામહે' સુધીની સફરમાં, પોસ્ટ ઓફિસની ભૂમિકામાં દરરોજ મહત્વપૂર્ણ ફેરફારો થઈ રહ્યા છે.

દીવના એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ ડૉ. વિવેક કુમારે દીવ વિસ્તારની તમામપાત્ર છોકરીઓ માટે સુકન્યા ખાતા ખોલવા અને તેને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ કવરેજ વિસ્તાર બનાવવાની પોસ્ટલ વિભાગની પહેલની પ્રશંસા કરતા કહ્યું કે આનાથી અહીંની છોકરીઓ આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનશે. જૂનાગઢ મંડળના પોસ્ટ વિભાગના અધીક્ષક શ્રી ચાવડાએ જણાવ્યુ કે, દીવ ક્ષેત્રમાં ૧૦ વર્ષ સુધી ની ૨૧૦૦ થી વધુ પાત્ર છોકરીઓના સુકન્યા સમૃદ્ધિ ખાતા પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવ્યા છે. સુકન્યા સમૃદ્ધિ યોજનામાં વ્યાજ દર ૮.૨ ટકા છે. આ યોજનામાં એક નાણાકીય વર્ષમાં વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયા જમા કરાવી શકાય છે.

આ અવસરે બાળ વિકાસ પરિયોજનાના અધિકારી શ્રીમતી વૈશાલી કે. બારિયા, શિક્ષણ અધિકારી શ્રીમતી મૈત્રેય ભટ્ટ, આચાર્ય સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ) ઘોઘલા શ્રી રામજી એન વાજા, સહાયક ડાક નિર્દેશક શ્રી જે. કે. હિંગોરાની, ઉપમંડલિય ડાક નિરીક્ષક શ્રી સોમપાલ સિંઘ, દીવ પોસ્ટમાસ્ટરશ્રી મયુર ગોહિલ સહિત તમામ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, વાલીઓ અને છોકરીઓ હાજર રહ્યા. કાર્યક્રમનું સંચાલન સુશ્રી પ્રતિભા સ્માર્ટ દ્વારા કરવામાં આવ્યું, સ્વાગત પ્રવચન શ્રી જે.કે. હિંગોરાની દ્વારા કરવામાં આવ્યું અને આભારવિધિ શ્રી અર્જુન ચાવડા દ્વારા કરવામાં આવી.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં સિકલસેલ થેલેસીમિયાનો મેગા નિદાન કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કૉલેજના આચાર્ય ડૉ. એ. આર. મોદી ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એન. સી.સી. અને એન.એસ.એસ. અંતર્ગત ઝાલોદ આરોગ્ય વિભાગના સહયોગ થી સિકલસેલ થેલેસિમિયા નો મેગા નિદાન કેમ્પ યોજાયો. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ ઉદય ટીલાવતસાહેબ, એપેડેમિક મેડિકલ ઓફિસર શ્રી ડૉ નયન જોશી સાહેબ અને તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડૉ તુષાર ભાભોર સાહેબે માર્ગદર્શક તરીકે ભૂમિકા ભજવી હતી.

★ જેમાં સિકલસેલ થેલેસિમિયા વિશે સંપુર્ણ સમજ આપવામાં આવી.

★ તમામ વિદ્યાર્થીઓની સિકલસેલની તપાસ કરવામાં આવી.

★ પ્રિ મેરેજ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

★ પોઝિટિવ આવેલ વિદ્યાર્થીઓ નું HPLC માટે બ્લડ સેમ્પલ લેવા માં આવ્યા.

જેમાં RBSK MO, સિકલ સેલ કાઉન્સિલર, CHO, FHW દ્વારા કામગીરી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં કોલેજના એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બહુદરસિંહ ગોહિલ, એન. સી.સી. ઓફિસર લેફ્ટિનેન્ટ ડૉ. અજિત સિંહ પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તેમજ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં મુખ્ય જવાબદારી નિભાવી હતી.

## એચીવર પ્રિ સાયન્સ સ્કૂલ, લીમડી ૭ જિલ્લાના પ્રતિસ્પર્ધીઓ ને હરાવી ઝોનકક્ષાના વિજ્ઞાનમેળામાં વિજેતા બનતા રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

તારીખ ૧૬/૧/૨૫ થી ૧૮/૧/૨૫ સુધી મધ્ય ગુજરાત નો ઝોન કક્ષાનો વિજ્ઞાન મેળો દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા મુકામે યોજાયો તેમાં ધી ન્યુ એચીવર પ્રિ સાયન્સ સ્કૂલ લીમડી એ વિભાગ ૧ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરી સમગ્ર દાહોદ જિલ્લાનું નામ રોશન કર્યું, સ્વાસ્થ્ય વિષય પર સેનેટરી પેડ ઉપયોગિતા અને અનય વિકલ્પો પર વિષય રજૂ કરેલ જેની રજૂઆત શાળાની બાલિકાઓ દ્વારા સુંદર રીતે રજૂઆત કરતા સૌ ઉપસ્થિત મહેમાનો, અધિકારીઓ, શિક્ષકો આશા વ્યકત કરી હતી કે આજ નંબર મેળવશે અને એજ થયું..ત્યાં ઉપસ્થિત સૌ કોઈએ કૃતિને વખાણી હતી. આ પ્રગતિ બદલ આ મોડલ રજૂ કરનાર બાળ વૈજ્ઞાનિકો સૃષ્ટિ પરમાર અને જયશ્રી ખાંટ તેમજ આ મોડલના માર્ગદર્શક કિંજલ બેન ગેલોતને એચીવર સ્કૂલના પ્રમુખ નરેન્દ્રભાઈ સોની, પીન્ટુ ભાઈ સોની તેમજ આચાર્ય મયંક ચૌધરીએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા, હવે આ કૃતિ રાજ્ય કક્ષાના વિજ્ઞાન મેળા માટે વલસાડ જિલ્લામા ભાગ લેવા જશે ત્યારે ત્યાં પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરે તેવી જિલ્લા શિક્ષણાધિકારી દામાં સાહેબ, ડાયટ પ્રાચાર્ય મુનીયા સાહેબ શુભકામના પાઠવી આશાવાદ વ્યકત કર્યો હતો.

## માંડવી ખાતે સાંસદ પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષ સ્થાને નેશનલ હાઇવે નં. ૫૬ અને ૪૮ના પ્રશ્નો અંગે બેઠક યોજાઇ



। (માહિતી) માંડવી, તા.૨૧ ।

બારડોલી સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષતામાં વાપીથી શામળાજી સુધી નેશનલ હાઈવે નં. ૫૬ના રસ્તાની સમસ્યાઓ અંગે માંડવી પ્રાંત કચેરી ખાતે બેઠક મળી હતી.

બેઠકમાં નેશનલ હાઈવે નં.૫૬ને ભરૂચ પાસેથી પ્રોજેક્ટ ડાયરેક્ટર એન.એચ.એ.આઈ. કેવડીયાને સુપરત કરવામાં આવ્યો. આ હસ્તાંતરણની પ્રક્રિયાને કારણે પેચવર્ક કરવામાં વિલંબ થયો છે. પરંતુ હસ્તાતરણની પ્રક્રિયા પૂર્ણ થતા ટૂંક સમયમાં ખાડા પુરવાનું કામ શરૂ થશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ખાસ કરીને માંડવીના ગરેડિયા નાકાથી બિરસામુંડા સર્કલ સુધી ડિવાઈડર સહિતના માર્ગ માટે દરખાસ્ત કરવાની સૂચના આપવામાં આવી હતી. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં. ૪૮ના પ્રશ્નો બાબતે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ પ્રોજેક્ટ ડાયરેક્ટર (એન.એચ.એ.આઈ., સુરત) અને તેમની ટેકનિકલ ટીમ સાથે સાઈટ વિઝિટ કરી હતી. માંગરોલ તાલુકાના સાવા ઓવરબ્રિજ, નંદાવ, કોસંબા, કીમ ચાર રસ્તા, પીપોદરા, નવી પારડી, વલથાણ, ચલથાણ, કરણ/બલેશ્વર, અને સિસોદ્રા સુધીના સ્થળોની મુલાકાત લેવામાં આવી. વિઝિટ દરમિયાન સાંસદશ્રીએ લોકોની સમસ્યાઓને સાંભળી, પ્રજાને પડતી સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે અધિકારીઓને સુચનાઓ આપી હતી.

## નવી સિવિલ હોસ્પિટલ ખાતે ૧૫મી બેચના પ્રથમ વર્ષના બી.એસ.સી. નર્સિંગના વિદ્યાર્થીઓનો શપથવિધિ સમારોહ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨૧ ।

નવી સિવિલ હોસ્પિટલ સ્થિત સરકારી નર્સિંગ કોલેજમાં પ્રવેશ પામનાર ૧૫મી બેચના પ્રથમ વર્ષના બી.એસ.સી. નર્સિંગના વિદ્યાર્થીઓનો લેમ્પ લાઈટનિંગ અને શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રથમ વર્ષ બી.એસ.સી.નર્સિંગના ૬૦ વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ હોલ ખાતે આયોજિત લેમ્પ લાઈટનિંગ સેરેમનીમાં મહાનુભવોના હસ્તે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયેલા ૧૨ વિદ્યાર્થીઓને એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. વિદ્યાર્થીગણ દ્વારા મીણબત્તી પ્રજ્જ્વલિત કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે સામાજિક કાર્યકર્તા શ્રીમતી રોમાબેન પરેશભાઈ પટેલે જીવનભર શીખવાના ભાવ સાથે આગળ વધવાનો અનુરોધ કર્યો હતો. કામકાજ દરમિયાન સતત મદદ કરવાની ભાવનાને જાળવીને સાથે સમાજસેવાને પણ પ્રાથમિકતા આપવી જોઈએ. કોઈને મદદ કરવાની ભાવના રાખવાની હિમાયત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, નર્સિંગ એ ઉમદા વ્યવસાય છે, આજના સમયમાં નર્સિંગને કારકિર્દીનો ઉત્તમ વિકલ્પ માનવામાં આવે છે. આરોગ્ય માળખામાં નર્સની ભૂમિકા પાયાના પથ્થર સમાન છે. દર્દીની કાળજી, સુરક્ષા અને સારવારની જવાબદારી નર્સના શિરે રહે છે. ઘણા સંજોગોમાં કેટલાક દર્દીનું ધ્યાન રાખવા નર્સ ચોવીસ કલાક કામ કરે છે. નર્સિંગ ક્ષેત્રે પોતાની કારકિરિર્દી બનાવવાનો નિર્ણય મહત્વપુર્ણ છે, કારણ કે, શિક્ષણની સાથે સેવા કરવાનો અવસર એકમાત્ર મેડિક્લના વિદ્યાર્થીઓને મળે છે, જેથી પુર્ણ નિષ્ઠાથી પોતાની ફરજ બજાવવી જોઈએ વધુમાં તેમણે કહ્યું કે, નર્સિંગ સ્ટાફ દર્દી સાથે પરિવારજનની ભાવના સાથે સેવાસુશ્રુષા કરે છે. કોઈ પણ ડોક્ટર કે હોસ્પિટલની સફળતામાં નર્સિંગ સેવાઓનું સવિશેષ યોગદાન હોય છે. નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી ઈકબાલ કડીવાલા નર્સના જીવનમાં લેમ્પ લાઈટનિંગ અને શપથના મહત્વ સમજાવતાં કહ્યું કે, માનવ સેવાને નર્સિંગ સાથે જોડીને નર્સિંગને નવી ઓળખ અપાવનાર એવા ઈ.સ. ૧૮૨૦માં જન્મેલા ફ્લોરેન્સ નાઈટિંગેલ સાથે લેમ્પ લાઈટનિંગ અને શપથની વિભાવના સંકળાયેલી છે. તેમને આધુનિક નર્સિંગના પ્રણેતારૂપે 'લેડી વિથ ધ લેમ્પ' તરીકે ઓળખવામાં આવે છે. નર્સ એ હોસ્પિટલનું હૃદય છે, અને કોઈ પણ હોસ્પિટલ કે ડોક્ટર તેમની હાજરી વિના સફળતાપૂર્વક કાર્ય કરી શકતા નથી. કોરોનાની પરિસ્થિતિમાં નર્સિંગ સ્ટાફે સેવાપરાયણતાના ભાવ સાથે પરિવારની ચિંતા કર્યા વિના પોતાની ફરજ બજાવી હતી.

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મનું નિરીક્ષણ કર્યું



। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-ના ૨૦મા પદવીદાન સમારંભ બાદ કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલા પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન વિભાગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિમાં જુદા જુદા પાકો પર પ્રયોગો થતા હોય છે, જેની રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુલાકાત લીધી હતી. તેમણે કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્યરત પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની પ્રવૃત્તિઓ નિહાળી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા.

શ્રી આચાર્ય દેવવ્રતજીની આ મુલાકાત દરમિયાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. વી.પી. ચોવટીયા, પ્રાકૃતિક કૃષિ ફાર્મના હેડ પી.જે. ગોહિલ, એસ. કે. છોડવડીયા ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ ત્યારબાદ કામધેનુ યુનિવર્સિટી અંતર્ગતના પશુ ઉછેર કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.

## ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ દરમિયાન અફીણના જિંડવાનો મોટો જથ્થો પકડાયો

### કુલ ૭૬ થેલામા ૧૫૩૪.૮૯ કિલો જેની કિમત ૪૬,૦૪,૬૭૦ રૂપિયાનો પોષડોડાનો જથ્થો ઝડપાયો





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ તાલુકાની પોલિસ દ્વારા ૨૦૨૪ ના વિતેલા વર્ષ દરમ્યાન ખૂબ સુંદર અને સરાહનીય કામગીરી સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે તેવી રીતે જ ૨૦૨૫ ચાલુ થતાં જ ઝાલોદ પોલિસની ફરી એક ઉત્તમ કામગીરી જોવા મળેલ છે. ઝાલોદ પોલીસની સુંદર કામગીરીને લઈ નગરમાં હાલ ક્રાઈમ કરતા ગુનેગારો હાલ ભૂગર્ભમા ઉતરી ગયેલ છે.

આજરોજ ૧૯-૦૧-૨૦૨૫ ના રોજ પોલિસ દ્વારા ધાવડીયા ચેક પોસ્ટ પર ઝાલોદ પોલિસ જિલ્લા અધિક્ષકની સૂચના મુજબ નશીલા વાહન અને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો પર રાત્રિ દરમિયાન વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન રાત્રીના ૯.૧૦ વાગે બાંસવાડા તરફથી ટાટા કંપનીની ટ્રક ઈન્ન.૦૭.ય્ઈ.૨૮૭૭ આવતા પોલિસે વાહન ચેકીંગ કરવા ઉભી રાખેલ હતી. પોલિસ દ્વારા ટ્રકના ડ્રાઈવર નેમિચંદ સુખરામ (જોધપુર, રાજસ્થાન) અને તેના સાથે બેસેલ વ્યક્તિ વિનોદ સોહનલાલ (જોધપુર) ને પૂછતાં તેઓએ જીપ્સન પાવડરના થેલા હોવાનું જણાવ્યું હતું. પોલિસ દ્વારા ટ્રકની તલાસી લેતા જીપ્સન પાઉડરના થેલાની આડમાં પોલિસને પોષડોડા નો જથ્થો મળતા પોલિસ ચોકી ગઈ હતી.

તપાસ કરતા પોલિસ કર્મીઓને એક-બે નહીં પરંતુ ૭૬ થેલા પોષડોડાના મળી આવ્યા હતા. આ અંગે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને જાણકારી આપતા તેઓ તુરંત ઝાલોદની ધાવડીયા ચેક પોસ્ટ ખાતે આવી પહોંચ્યા હતા અને આ મામલે પૂરતી જાણકારી મેળવી હતી. ઝાલોદ પોલિસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે. એમ.ખાંટ તેમજ પો.સ.ઈ સી.કે.સીસોદીયા તેમજ પોલિસ સ્ટાફને આગળની કાર્યવાહી કાયદેસરની કરવા માટે સૂચન આપેલ હતા. પોલિસ દ્વારા ટ્રકની તપાસ કરતા તેમાંથી ૭૬ થેલા પોષડોડા જેનું વજન ૧૫૩૪.૮૯ કિલો જેની અંદાજિત કિંમત ૪૬,૦૪,૬૭૦ મળી આવેલ હતો તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ ૪૯,૨૯,૫૭૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. પોલિસ દ્વારા એક અન્ય આરોપી સુખરામ મોહનલાલ ( જોધપુર ) મળી કુલ ત્રણ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધેલ છે. આ ઈસમો દ્વારા ટ્રક પર ખોટી નંબર પ્લેટ પણ લગાવેલ હોવાનું જાણવા મળેલ હતું. આ પોષડોડાનો જથ્થો પ્રતાપ ગઢ થી બાંસવાંડા થઈ ગુજરાતના ઝાલોદ થી લુણાવાડા, હિંમતનગર, પાલનપુર થઈ આ ગાડી જોધપુર લઈ જવાની હોવાનું જાણવા મળેલ હતું. આ ટ્રકનો માલિક રાજસ્થાનના બિકાનેરનો શંકરલાલ જાટ હોવાનું પોલિસ ને જાણવા મળેલ હતું. આમ ઝાલોદ પોલિસ દ્વારા આ સુંદર કામગીરીને નગરના સહુ લોકો વધાવી રહેલ છે.

### રાજ્ય સરકારની "મોબાઇલ મેડિકલ વાન યોજના" બની આશીર્વાદરૂપ

## અત્યાર સુધીમાં ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ યોજનાનો લાભ લીધો



। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

"મોબાઈલ મેડિકલ વાન" યોજના થકી માસિક સરેરાશ ૨૦૦૦થી વધુ પ્રતિવાન શ્રમયોગીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ આ યોજનાનો લાભ લીધો છે. કોરોના મહામારી દરમિયાન મોબાઈલ મેડિકલ વાન દ્વારા રાજ્યના તમામ નાગરિકોના હિતાર્થે જરૂરી ટેસ્ટ તેમજ દવાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, તેમ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.

મંત્રી શ્રી રાજપુતે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગી પરિવારોની તબીબી સુરક્ષા માટે ગુજરાત સરકારે "મોબાઈલ મેડિકલ વાન" યોજના શરૂ કરી શ્રમિકોના સ્વાસ્થ્ય માટે નવી કેડી કંડારી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હાલમાં કાર્યરત ૨૪ મોબાઈલ મેડિકલ વાન દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર આપવામાં આવી રહી છે. જેમાં બ્લડ ટેસ્ટ, પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબીન, લેબોરેટરી તપાસ, ડાયાબીટીસ, બ્લડ કાઉન્ટ જેવી વિવિધ તપાસ-સારવારનો સમાવેશ કરાયો છે. જેમાં તપાસ દરમિયાન વધુ સારવાર લેવાની થાય તો શ્રમયોગી નજીકની સરકારી હોસ્પિટલમાં જઈને સારવાર મેળવી શકે છે. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, ગુજરાતના દરેક સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને આરોગ્યનું કવચ પૂરું પાડવું એ રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી રાજ્યના વધુમાં વધુ શ્રમયોગીઓને "મોબાઈલ મેડિકલ વાન" યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં જરૂરિયાત અનુસાર વધુ મોબાઈલ મેડિકલ વાન શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રમયોગી પરિવારોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ, સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે. આ મોબાઈલ મેડિકલ વાન હાલમાં અમદાવાદ, મહેસાણા, સુરત, હિંમતનગર, ગાંધીનગર, જૂનાગઢ, વાપી, વડોદરા, આણંદ-ખેડા, ગાંધીધામ, ભાવનગર, મોરબી, વલસાડ, વાપી, નવસારી તથા રાજકોટ તેમજ આજુબાજુની જીઆઈડીસીમાં કાર્યરત છે. આ યોજનાની સફળતા જોતા હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન ઉપરાંત વધુ ૬ મેડિકલ વાન થકી વધુમાં વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને યોજનાનો લાભ આપવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## આરોપીને લઇને સૈફના ઘરે પહોંચી પોલીસ



। (એજન્સી) મુંબઇ, તા.૨૧ ।

બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાન પર પર થયેલા હુમલાને લગતું નવું અપડેટ સામે આવ્યું છે. સૈફ પર હુમલો કરનારો આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ પકડાઈ ગયો છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. મુંબઈ પોલીસ આરોપીને લઈને સૈફના ઘરે પહોંચી હતી અને ઘટનાની રાતે શું બન્યું તે દ્રશ્ય રીક્રિએટ કરવામાં આવ્યું હતું. એક કલાક સુધી બધી માહિતી ભેગી કર્યા બાદ મુંબઈ પોલીસ આરોપીને લઈને ત્યાંથી નીકળી ગઈ હતી.૧૬ જાન્યુઆરીની મોડી રાત્રે સૈફ અલી ખાનના ઘરમાં આરોપી ઘુસ્યો હતો અને તેણે સૈફ પર છરી વડે હુમલો કર્યો હતો. સૈફ ઈજાગ્રસ્ત છે અને હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. ડોક્ટરોને કહેવું છે કે સૈફ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે, પરંતુ તેને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. સૈફ પરના હુમલાથી સમગ્ર બોલીવુડ ચોકી ગયું છે. દરેક જણે સૈફ-કરીનાના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. થાણેથી હુમલાખોરની ધરપકડ કરી હતી. આરોપી શરીફુલ સૈફના ઘરમાં કેવી રીતે ઘૂસ્યો તે વિશે પણ જાણવા મળ્યું છે. ઘટનાની રાતે આરોપી સૈફની બિલ્ડિંગના સાતમા માળા સુધી સીડીઓ દ્વારા ગયો હતો. ત્યારબાદ આરોપી ડક્ત એરિયામાં ગયો અને પાઈપની મદદથી બારમાં માળે પહોંચ્યો હતો. તે સેફ અને કરીનાના નાના પુત્ર જેહના રૂમના બાથરૂમમાં ઘસ્યો હતો. જ્યારે તે બહાર આવ્યો ત્યારે જેહની આયાએ તેને જોયો હતો. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આરોપીએ આયા પાસેથી એક કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આયાની બૂમો સાંભળીને સૈફ દોડીને રૂમમાં આવ્યો હતો અને તેનો આરોપી સાથે સામનો થયો હતો.શરીફુલ ભારતીય ઓળખકાર્ડ મેળવવા માંગતો હતો એ માટે તેણે ચોરી કરીને પૈસા કમાવાનો રસ્તો અપનાવ્યો હતો. તેને ડાન્સબારમાં પણ કામ કર્યુ હતું અને હોટલમાં પણ કામ કર્યું હતું. તે બને એટલા વધુ પૈસા કમાઈને બાંગ્લાદેશ પાછો જવા વિચારતો હતો, તેથી જ તેણે બાન્દ્રા જેવા પોશ વિસ્તારને નિશાન બનાવ્યો હતો. જોકે, તેને એ વાતની ખબર ન હતી કે તે કોઈ સેલિબ્રિટીના ઘરમાં ચોરી માટે ઘુસ્યો છે.

### અમેરિકામાં આજથી સુવર્ણયુગ : ટ્રમ્પ

# વિશ્વની સૌથી મોટી મહાસત્તાના ૪૭મા પ્રમુખ તરીકે ટ્રમ્પે શપથ ગ્રહણ કર્યા

**અમેરિકાના વિદાય લેનારા પ્રેસિડેન્ટ જો બાઇડેને એંથની ફોસી, માર્ક મિલી અને લિઝ ચેની સહિત જેઠ સમિતિના સભ્યો તેમજ સાક્ષીઓને માફી આપી હતી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

ડોનાલ્ડ જે. ટ્રમ્પે સોમવારે વિશ્વની મહાસત્તા અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકેના શપથ ગ્રહણ કરી અમેરિકાના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર કમબેક કર્યું હતું. અમેરિકાની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ જોન રોબર્ટ્સે કેપિટલ રોટુંડા ખાતે યોજાયેલાં સમારંભમાં ૭૮ વર્ષીય ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના શપથ લેવાડાવ્યાં હતાં. ટ્રમ્પની પહેલાં જેડી વેન્સે ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લીધાં હતાં.ચાર વર્ષના અંતરાલ, સંખ્યાબંધ કોર્ટ કેસ અને બે વખત જીવલેણ હુમલામાંથી આબાદ બચ્યાં બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત ચૂંટાઈ આવેલા ટ્રમ્પે શપથ બાદ જણાવ્યું હતું કે, આજથી અમેરિકાના સુવર્ણ યુગનો પ્રારંભ થયો છે. આજથી આપણો દેશ સમૃદ્ધ બનશે અને વિશ્વભરમાં ફરીથી સન્માન પામશે. દરેક દેશ



આપણી ઈર્ષા કરશે અને હવે કોઈ આપણો ગેરલાભ નહીં ઉઠાવી શકે.શપથ સમારંભમાં ટ્રમ્પના પત્ની મેલેનિયા, પુત્રી ઈવાન્કા, ઈવાન્કાના પતિ જેરેડ કુશ્નર ઉપરાંત ટ્રમ્પના પૂરોગામી જો બાઈડેન, વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ, પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, હિલેરી ક્લિન્ટન, અબજોપતિ ઉદ્યોગપતિ એલન મસ્ક, જેફ બેઝોસ, ટીમ કૂક તથા ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પીચાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. શપથ ગ્રહણ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશેષ દૂત તરીકે કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યાં હતાં. અમેરિકાના પ્રમુખ બનવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યાં હતાં. એક્સ પર એક પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, મારા પ્રિય મિત્ર પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાના ૪૭મા પ્રમુખ બનવા બદલ હાર્દિક અભિનંદન. બંને દેશ અને વિશ્વના બહેતર ભવિષ્ય માટે હું પુનઃ આપની સાથે મળીને કામ કરવા આતુર છું. નવા સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ. શપથ બાદ સમારંભમાં ઉપસ્થિત લોકોને સંબોધતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકાના સુવર્ણ યુગની શરૂઆત થઈ ચૂકી છે. અમેરિકા ફરીથી મહાન બનશે. અમેરિકામાં હવે ઝડપથી પરિવર્તન આવશે. હું દરરોજ અમેરિકા ફર્સ્ટની નીતિને કેન્દ્રમાં રાખીને કામ કરીશ.

### કંપનીઓને ટાર્ગેટ કરવાના રિપોર્ટ તૈયાર કરાતા હોવાનો દાવો

# હિન્ડેનબર્ગના સ્થાપકની એક હેજ ફંડ સાથેની સાઠગાંઠ ખૂલી

**માર્કેટ ફ્રોડ નામના પોર્ટલે જણાવ્યું હતું કે કોર્ટના દસ્તાવેજો પર્દાફાશ થયો છે કે રિપોર્ટ તૈયાર કરવામાં હિન્ડેનબર્ગે એન્સન સાથે સાંઠગાંઠ કરી હતી**

। (એજન્સી) ટોરોન્ટો, તા.૨૧ ।

અદાણી ગ્રૂપને ટાર્ગેટ કરનારી ઈન્વેસ્ટમેન્ટ રીસર્ચ કંપની હિન્ડેનબર્ગને બંધ કરવાની જાહેરાત કરનાર તેના સ્થાપક નેટ એન્ડરસનની એક હેજ ફંડ સાથે સાંઠગાંઠનો કેનેડાના એક પોર્ટલે ખુલાસો કર્યો છે. ઓન્ટારિયોની કોર્ટમાં સુપરત કરાયેલા દસ્તાવેજનો ટાંકીને આ પોર્ટલે દાવો કર્યો છે કે કંપનીઓને ટાર્ગેટ કરવાના રિપોર્ટ તૈયાર કરવા માટે આ હેજ ફંડ અને એન્ડરસનની મિલીભગત હતી. એક જટિલ બદનક્ષીના મુકદમામાં ઓન્ટેરિયો સુપિરિયર કોર્ટ ઓફ જસ્ટિસમાં દાખલ કરાયેલા દસ્તાવેજો મુજબ કેનેડાના એન્સન હેજ ફંડના વડા મોઈઝ કાસમે જણાવ્યું હતું કે તેમની કંપનીએ હિંન્ડેનબર્ગના નેટ એન્ડરસન સહિત ‘‘બહુવિધ સ્ત્રોતો સાથે’’ રીસર્ચ રિપોર્ટ શેર કર્યો હતો. માર્કેટ ળોડ નામના પોર્ટલે જણાવ્યું હતું કે કોર્ટના દસ્તાવેજો પર્દાફાશ થયો છે કે રિપોર્ટ તૈયાર કરવામાં





હિન્ડેનબર્ગે એન્સન સાથે સાંઠગાંઠ કરી હતી. ભાગીદારોની જાહેરાત કર્યા વિના મંદીના રિપોર્ટ તૈયારની બાબતને યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન સિક્યોરિટી ળોડ ગણે છે. આ પોર્ટલે એન્ડરસન અને હેજ ફંડ વચ્ચેની ઈ-મેઈલ વાતચીતના સ્ક્રીનશોટ પણ જારી કર્યા હતા, જે કોર્ટ દસ્તાવેજ આધારિત છે. પોર્ટલે જણાવ્યું હતું કે અમે અત્યાર સુધી જે વાંચ્યું છે તેના પરથી તે લગભગ નિશ્ચિત છે કે હિન્ડનબર્ગ અને એન્સન વચ્ચેનું સમગ્ર સંદેશાવ્યવહાર અમેરિકાની સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન સુધી પહોંચશે ત્યારે નેટ એન્ડરસન પર ૨૦૨૫માં અમેરિકામાં સિક્યોરિટીઝ ળોડનો આરોપ મૂકાશે.

### પેલેસ્ટાઈનની સરહદે મોટી સંખ્યામાં કેદીઓના પરિવારજનો ઉમટ્યાં

# ઈઝરાયેલે યુદ્ધવિરામની જાહેરાત બાદ પેલેસ્ટાઈનના ૯૦ કેદીઓ મુક્ત કર્યા

**પેલેસ્ટાઈનના આ કેદીઓને લઈને એક સફેદ બસ ઈઝરાયેલની ઓફર જેલમાંથી બહાર નીકળી, જે પશ્ચિમી તટના શહેર રામલ્લાહની બરાબર બહાર છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ઈઝરાયેલ-હમાસ વચ્ચેના લોહિયાળ સંઘર્ષ પછી શાંતિનો સંદેશ પ્રસરી રહ્યો છે. ગાઝામાં હમાસની કેદમાંથી ઈઝરાયેલના ત્રણ બંધકો મુક્ત કર્યાના કલાકોમાં જ સોમવારે ઈઝરાયેલે પેલેસ્ટાઈનના ૯૦ કેદીઓ અને અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરી દીધા છે. ઈઝરાયેલ અને હમાસની વચ્ચે ગાઝા યુદ્ધ વિરામની પ્રથમ ચરણના ભાગરૂપે કરાયેલી સમજૂતિ અંતર્ગત હમાસ આગામી છ સપ્તાહમાં પેલેસ્ટાઈનના ક્ષેત્રમાં બંધક બનાવેલા ઈઝરાયેલના ૩૩ નાગરિકોને ધીમે-ધીમે છોડશે, તેના બદલામાં ઈઝરાયેલ પશ્ચિમ તટ અને ગાઝામાંથી લગભગ ૨૦૦૦ કેદીઓ અને અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરશે. પેલેસ્ટાઈનના આ કેદીઓને લઈને એક સફેદ બસ ઈઝરાયેલની ઓફર જેલમાંથી બહાર નીકળી, જે પશ્ચિમી તટના શહેર રામલ્લાહની બરાબર બહાર છે, આ દરમિયાન આકાશમાં આતીશબાજી થઈ હતી. બસોમાં પેલેસ્ટાઈનના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા,



સૂત્રોચ્ચાર કર્યા અને જય-જયકારના નારા લગાવ્યા હતા. પેલેસ્ટાઈન ઓથોરિટીના કેદીઓના મામલાના આયોગ દ્વારા અપાયેલી યાદી અનુસાર ઈઝરાયેલે મુક્ત કરેલા તમામ લોકોમાં મહિલાઓ અને સગીરો હતા. ઈઝરાયેલે પેલેસ્ટાઈનના આ તમામ લોકોને દેશની સુરક્ષા સંબંધિત ગુનાઓ, પથ્થર ફેંકવાથી લઈને હત્યાના પ્રયાસો જેવા ગંભીર આક્ષેપો હેઠળ અટકાયત કરી હતી. વેસ્ટ બેંક પર કબજો કરનારી ઈઝરાયેલની સેનાએ પેલેસ્ટાઈનના લોકોને કોઈ પ્રકારના સાર્વજનિક ઉત્સવ કે આતીશબાજી કરવાની સામે વારંવાર ચેતવણી આપી છે.આ તમામને અડધી રાત્રે ઈઝરાયેલે મુક્ત કર્યા, તેને લઈને પેલેસ્ટાઈનના લોકોએ ટીકા કરીને કહ્યું કે આ માહોલ ખરાબ કરવા અને કેદીઓને ઘરે પરત લઈ જવા માટે ભીડને રોકવાનો પ્રયાસ છે. મુક્ત કરાયેલા પેલેસ્ટાઈનના કેદીઓમાં સૌથી મુખ્ય ૬૨ વર્ષીય ખાલિદા જર્રાર છે, જે પેલેસ્ટાઈનની મુક્તિ માટે લોકપ્રિય સંગઠન પીએફએલપીના મુખ્ય સભ્ય છે, જે એક બિનસાંપ્રયાદિક ડાબેરી જૂથ છે, જે ૧૯૭૦ના દાયકામાં ઈઝરાયેલની વિરુદ્ધ અપહરણ અને અન્ય હુમલાઓમાં સામેલ હતું. પરંતુ તાજેતરના વર્ષોમાં આ સંગઠને ઉગ્રવાદી ગતિવિધિઓ ઓછી કરી દીધી છે.

### અમેરિકાને WHO છોડવાનો આદેશ

# US રાષ્ટ્રપતિનો કાર્યકાળના પ્રથમ દિવસે જ મોટો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) માંથી અમેરિકાને બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. નવા ચૂંટાયેલા યુએસ રાષ્ટ્રપતિએ વ્હાઈટ હાઉસ પરત ફર્યા બાદ દસ્તાવેજને મંજૂરી આપતા કહ્યું, તેમણે પદ સંભાળ્યાના પહેલા દિવસે જ જે ડઝનબંધ કારોબારી કાર્યવાહી પર હસ્તાક્ષર કર્યા હતા તેમાંની આ એક હતી.આ બીજી વખત છે જ્યારે ટ્રમ્પે અમેરિકાને WHOમાંથી બહાર નીકળવાનો આદેશ આપ્યો છે.ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય સંસ્થાની કોવિડ-૧૯ને જે રીતે હેન્ડલ કર્યુ તે મામલે આકરી



ટીકા કરીને રોગચાળા દરમિયાન જીનીવા સ્થિત સંસ્થામાંથી ખસી જવાની પ્રક્રિયા શરૂ કરી હતી, જે નિર્ણયને રાષ્ટ્રપતિ જો બિડેને પાછળથી તેને રદબાતલ કર્યો હતો.ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યકાળના પહેલા દિવસે જ આ એક્ઝિક્યુટિવ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી અમેરિકા ઔપચારિક રીતે WHOને છોડી દેશે તેવી શક્યતા વધુ પ્રબળ બની છે. ટ્રમ્પે જણાવ્યું કે ‘‘તેઓ અમને ખૂબ જ ખરાબ રીતે પાછા ઈચ્છતા હતા, તેથી આપણે જોઈશું કે શું થાય છે,’’ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં WHOનો ઉલ્લેખ કરીને કદાચ એવો સંકેત આપ્યો કે અમેરિકા અંતતઃ પરત ફરી શકે છે. ટ્રમ્પે જાહેર કરેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા ‘‘ચીનના વુહાનથી ઉદ્ભવતા COVID-19 રોગચાળા અને અન્ય વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટીઓ સામે સંગઠનના ખોટા સંચાલન, તાત્કાલિક જરૂરી સુધારાઓ અપનાવવામાં નિષ્ફળતા અને WHO સભ્ય દ્વારા અયોગ્ય રાજકીય પ્રભાવથી સ્વતંત્રતા દર્શાવવામાં નિષ્ફળતાની ટીકા કરી રહ્યું છે. WHOની બિનકાર્યક્ષમતાને કારણે’’ અમેરિકા તેમાંથી હટી રહ્યું છે.

## જેલમાં બંધ તમામ વ્યક્તિઓને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએઃ સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે સોમવારે કડક ટિપ્પણી કરતા કહ્યું હતું કે જેલમાં બંધ તમામ વ્યક્તિઓને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આમ આદમી પાર્ટી ના ભૂતપૂર્વ કાઉન્સિલર હુસૈનને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન દ્વારા ૫ ફેબ્રુઆરીના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે મુસ્તફાબાદથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે તાહિર હુસૈનની વચગાળાની જામીનની અરજી પર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પંકજ મિત્તલે કહ્યું હતું કે જેલમાં રહેલા આવા તમામ વ્યક્તિઓને ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવા જોઈએ. તાજેતરમાં, દિલ્હી હાઈકોર્ટે હુસૈનને ઉમેદવારી નોંધાવવા માટે પેરોલ મંજૂર કર્યા હતા. જસ્ટિસ મિત્તલે ટિપ્પણી કરતા કહ્યું હતુ કે જેલમાં બેસીને ચૂંટણી જીતવી સરળ છે.

# RSS વિરુદ્ધની રેલીમાં ગેરહાજર કોંગ્રેસના ૬૦ નેતાઓની હકાલપટ્ટી

। (એજન્સી) નાગપુર, તા.૨૧ ।

રામ મંદિરનું નિર્માણ એ વાસ્તવિક સ્વતંત્રતા છે, RSS વડા મોહન ભાગવતના આ નિવેદનને લઈને કોંગ્રેસે તાજેતરમાં વિરોધ કર્યો હતો. આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા નાગપુર સ્થિત RSS મુખ્યાલય સુધી એક કૂચ કાઢવામાં આવી હતી, પરંતુ પક્ષના ઘણા કાર્યકરોએ આ કાર્યક્રમમાં ભાગ લેવાથી દૂર રહ્યા હતા. હવે કોંગ્રેસે આ લોકો સામે કાર્યવાહી કરી છે અને કુલ ૬૦ કાર્યકરોને તેમના પદ પરથી હટાવી દીધાં છે. કોંગ્રેસે જે નેતાઓ સામે કાર્યવાહી કરી છે તે યુવા પાંખના સભ્યો કે પદાધિકારીઓ છે. કોંગ્રેસ દ્વારા દૂર કરાયેલા પદાધિકારીઓમાં કેટલાક ઉપપ્રમુખો, ૮ મહામંત્રીઓ, ૨૦ સચિવો અને કેટલાક જિલ્લા પ્રમુખોનો સમાવેશ થાય છે. જણાવી દઈએ કે રાષ્ટ્રીય યુવા કોંગ્રેસે ૧૯ જાન્યુઆરીના રોજ એક કૂચનું આયોજન કર્યુ હતું, જેનું નેતૃત્વ રાષ્ટ્રીય વડા ઉદય ભાનુએ કર્યુ હતું. કોંગ્રેસ દ્વારા જે યુવા નેતાઓને તેમના



પદ પરથી દૂર કરવામાં આવ્યા છે તેમાં શિવાની વડેટ્ટીવારનો સમાવેશ થાય છે. તે કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારની પુત્રી છે. આ ઉપરાંત નાગપુર પશ્ચિમના ધારાસભ્ય વિકાસ ઠાકરેના પુત્ર કેતન ઠાકરેને પણ હટાવી દેવામાં આવ્યા છે. અનુરાગ ભોયર અને મિથિલેશ કાન્હેરેને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આ બધા નેતાઓ મહારાષ્ટ્ર યુથ કોંગ્રેસના સચિવ હતા. રાજ્ય યુવા કોંગ્રેસના પ્રમુખ તનવીર અહેમદ વિદ્રોહીને પણ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. નેતાઓએ કોંગ્રેસના આંદોલનમાં ભાગ કેમ ન લીધો તે અંગે અનેક સવાલ ઉપસ્થિત થયાં હતાં.

## વિશેષ

### હિમોફિલિયાના દર્દીઓને ગુજરાત સરકાર આપી રહી છે નિઃશુલ્ક સારવાર

# રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં હિમોફિલિયાના દર્દીઓને રૂ.30,000ની કિંમતના ૧૧,૦૦૦થી વધુ ઇન્જેક્શન વિના મૂલ્યે આપવામાં આવ્યા

। (માહિતી) ગાંધીનગર ।

વિશ્વભરમાં લાખો લોકો દુર્લભ હિમોફિલિયાની બીમારીથી પીડાય છે. હિમોફિલિયા એ લોહીનો વારસાગત રોગ છે, જેમાં લોહી યોગ્ય રીતે ગંઠાતું ન હોવાથી રક્તસ્ત્રાવ થાય છે. આ રોગનો કાયમી ઈલાજ નથી એટલે તેને નિયંત્રણમાં રાખવો અને દર્દીઓને સમયસર સારવાર આપવી જરૂરી છે. હાલમાં ગુજરાતમાં ૩,૦૦૦થી વધુ હિમોફિલિયાના દર્દીઓ છે જેમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર વિનામૂલ્યે ઈન્જેક્શન પ્રદાન કરી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હિમોફિલિયાના દર્દીઓને વિના મૂલ્યે ઈન્જેક્શન આપવાની શરૂઆત કરી હતી, જેના કારણે હિમોફિલિયાના દર્દીઓ આજે વધુ સ્વસ્થ અને સક્રિય જીવન જીવી રહ્યા છે.

**સમગ્ર વિશ્વમાં ૧૦,૦૦૦ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિ હિમોફિલિયાથી પીડાય છે**

હિમોફિલિયા બીમારીમાં ક્લોટિંગ ફેક્ટરની અછત હોય છે એટલે લોહી જલદી જામતું નથી. લોહીમાં કુલ ૧૩ પ્રકારના ક્લોટિંગ ફેક્ટર હોય છે જેમાંથી ફેક્ટર ૮ અને ૯ ફેક્ટર ખામીયુક્ત હોય તો હિમોફિલિયા થવાની શક્યતા રહે છે. હિમોફિલિયાના છ, B અને C એમ ત્રણ પ્રકાર છે અને તેમાં ગંભીરતા પ્રમાણે સિવિઅર, મોડરેટ અને માઈલ્ડ એમ ત્રણ પ્રકારના દર્દીઓ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં દર ૧૦,૦૦૦ વ્યક્તિમાંથી ૧ વ્યક્તિને હિમોફિલિયા થાય છે.

**હિમોફિલિયા ધરાવતા દર્દીઓને ગુજરાત સરકાર નિઃશુલ્ક સારવાર આપી રહી છે**

હિમોફિલિયાના દર્દીઓને લોહી વહેતું બંધ થાય એ માટે જરૂરી ફેક્ટરના ઈન્જેક્શન આપવામાં આવે છે. અગાઉ હિમોફિલિકને રક્તસ્ત્રાવને કાબૂમાં લેવા માટેની સારવાર મળવી મુશ્કેલ હતી. જોકે, ૨૦૧૨માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે સિવિલ હોસ્પિટલોમાં હિમોફિલિયાના દર્દીઓને મફત ઈન્જેક્શન આપવાનું શરૂ કર્યું હતું જેના થકી દર્દીઓની લાઈફ સ્પાન એટલે કે તેમનું આયુષ્ય વધ્યું છે અને તેમના માટે રોંજિદી પ્રવૃત્તિઓ કરવી સરળ બની છે. હિમોફિલિક વ્યક્તિને આપવામાં આવતા એક ઈન્જેક્શનની કિંમત ૨૫થી ૩૦ હજાર હોય છે જેનો ખર્ચ સરકાર દ્વારા પૂરો પાડવામાં આવે છે. હાલ સમગ્ર રાજ્યની સિવિલ હોસ્પિટલોમાં આ ઈન્જેક્શન ઉપલબ્ધ છે. છેલ્લા ૨ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૧૧,૮૦૦થી વધુ ફેક્ટર વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

**સુરતનું હિમોફિલિયા કેર સેન્ટર ભારતનું પહેલું એવું સેન્ટર છે જે ૨૪ કલાક કાર્યરત છે**

આજે ગુજરાતમાં ૩,૦૦૦ થી વધુ હિમોફિલિયાના દર્દીઓ છે જેમાંથી ૫૦૦ થી વધુ દર્દીઓ સુરતમાં છે. સુરતમાં ‘હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટર’ હિમોફિલિયાના દર્દીઓ પીડામુક્ત જીવન જીવી શકે અને લોકોમાં આ રોગ વિશે જાગૃતિ ફેલાય એ માટે કાર્ય કરી રહી છે. વર્ષ ૨૦૧૫માં આ સંસ્થા અને નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી સુરત સ્થિત નવી સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયા કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી. આ ગુજરાતનું એકમાત્ર હિમોફિલિયા સમર્પિત કેન્દ્ર છે. નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સૌથી વધુ હિમોફિલિયા દર્દીની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી છે. એટલું જ નહીં, તે ભારતનું પ્રથમ એવું કેર સેન્ટર છે જે ૨૪ કલાક કાર્યરત હોય છે.

**સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં દેશ-વિદેશથી દર્દીઓ સર્જરી કરાવવા માટે આવે છે**

સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં દર્દીઓને વિના મૂલ્યે સંભાળ, રક્ત પરીક્ષણ અને સારવાર આપવામાં આવે છે. અહીં મેડિકલ એક્ઝામિનેશન રૂમ, મેનેજમેન્ટ રૂમ, કાઉન્સેલિંગ રૂમ, લેબોરેટરી, નર્સિંગ રૂમ, ફિઝિયોથેરાપી રૂમ, રેકોર્ડ રૂમ અને દર્દીઓની સંભાળ માટેનો વોર્ડ ઉપલબ્ધ છે. આ સંસ્થા દ્વારા સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે, જેમાં જરૂરી રક્ત પરીક્ષણો વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. ઉચ્ચ કક્ષાની સારવાર અને સંભાળ ઉપલબ્ધ હોવાને કારણે અન્ય રાજ્યો તથા ભારત ઉપરાંત ઝામ્બિયા, દુબઈ જેવા દેશોમાંથી પણ દર્દીઓ સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં સારવાર હેતુ આવે છે.

હિમોફિલિયા કેર સેન્ટરના મેનેજર શ્રી નિહાલ ભાતવાલા જણાવે છે, ‘‘ગુજરાતની સંવેદનશીલ સરકાર તથા નવી સિવિલ હોસ્પિટલ સુરતના સહયોગ વિના દર્દીઓની સારવાર અશક્ય છે. હાલ ૯૪ જેટલા હિમોફિલિયા દર્દીઓને અહીં પ્રોફાઈલ એક્સેસ સારવાર (રક્તસ્ત્રાવ થતાં પહેલાં જ આપવામાં આવતી સારવાર) આપવામાં આવી રહી છે જેના કારણે દર્દીઓને રક્તસ્ત્રાવ થવાની સંભાવના નહિવત્ થઈ છે. આ સારવારના કારણે દર્દી વિકલાંગ થવાની સંભાવના પણ રહેતી નથી અને જીવનું જોખમ પણ ઓછું રહે છે.’’

**દુર્લભ રોગ સામે લડીને હિમોફિલિયાના દર્દીઓ ડોક્ટર, સીએ અને વકીલ બન્યા**

હિમોફિલિયા સોસાયટી સુરતના સહયોગના પરિણામે હિમોફિલિયા કેર સેન્ટર આજે દર્દીઓ માટે આશાનું કિરણ બન્યું છે. આ દુર્લભ રોગ સાથે જીવતા લોકો માત્ર સ્વસ્થ જીવન નથી જીવી રહ્યા, પણ પોતાના સપનાં પણ સાકાર કરી રહ્યા છે. સુરતમાં જ હિમોફિલિયાના ઘણાં દર્દીઓ ડોક્ટર, સીએ, વકીલ જેવા વ્યવસાયોમાં ફરજ બજાવી રહ્યા છે. આ અંગે હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટરના પ્રમુખ શ્રી નિલેશ જરીવાલાએ જણાવ્યું હતું કે, ‘‘આજથી ૧૦ વર્ષ પહેલાં હિમોફિલિયા માટે કોઈ જ સારવાર ઉપલબ્ધ ન હતી, પરંતુ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ક્લોટિંગ ફેક્ટરના ઈન્જેક્શન ઉપલબ્ધ કરાવીને હિમોફિલિયા સાથે જીવતા લોકોનું જીવન વધુ સરળ બને એ માટે ઉમદા પ્રયાસ કર્યો. હવે એટલી સારી ટ્રીટમેન્ટ મળી રહી છે કે દર્દીને મહિનામાં એક જ વખત ફેક્ટર લેવાની જરૂર પડે છે. પહેલાં કોઈ સુવિધા કે સારવાર ઉપલબ્ધ ન હોવાના કારણે ઘણી મુશ્કેલીઓ થતી હતી, પણ આજે ગુજરાત સરકારના પ્રયાસોના પરિણામે હિમોફિલિયા ધરાવતી વ્યક્તિ પણ સામાન્ય જીવન જીવી શકે છે. તેમાંથી ઘણાં દર્દીઓ આજે ડોક્ટર, સીએ, વકીલ અને એન્જીનિયર બની ચૂક્યા છે.’’

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્મિત ઓક્સિજન પાર્કની મુલાકાત પણ લીધી, આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બોપલ ખાતે AMC દ્વારા નવનિર્મિત ઓક્સિજન પાર્કનું લોકાર્પણ કરાયું






| અમદાવાદ, તા.૨૧ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપીપી ધોરણે તૈયાર કરાયેલા આ ઓક્સિજન પાર્ક આશરે ૧૯૦૦ ચો.મી. વિસ્તારમાં નિર્માણ પામ્યો છે. જેમાં બેઠક માટે આકર્ષક ગજેબો, આકર્ષક વોકિંગ ટ્રેક બનાવાયા છે. આ ઉપરાંત વિવિધ જાતોના ફૂલ છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સફેદ ચંપા, નાળિયેરી, મોગરા, મધુકામિની, બોરસલી, બીલીપત્ર, ગરમાળો, પીન્ટુ ફોરમ, લીમડો, બદામ, ગુલમહોર, સાગ, કેસુડો, કેસિયા ગુલાબી સહિતના અનેક વૃક્ષોનું વાવેતર કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં મિશન મીલીયન ટ્રીઝ અભિયાન અંતર્ગત કુલ ૭૫ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરના વિવિધ ઝોનમાં મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કુલ ૩૧૯ જેટલા ઓક્સિજન પાર્ક/અર્બન ફોરેસ્ટ તૈયાર કરાયા છે. જેમાં મધ્ય ઝોનમાં ૪, પૂર્વ ઝોનમાં ૮૪, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૫૯, ઉત્તર ઝોનમાં ૩૬, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૬૮, દક્ષિણ ઝોનમાં ૨૯ અને પશ્ચિમ ઝોનમાં ૪૩ ઓક્સિજન પાર્ક/અર્બન ફોરેસ્ટ તૈયાર કરવામાં આવ્યા છે.

તેવી જ રીતે શહેરમાં આવેલા ગાર્ડન અને વર્ટિકલ ગાર્ડનની વાત કરીએ તો કુલ ૩૦૩ જેટલા ગાર્ડનનો સમાવેશ થાય છે જેમાં મધ્ય ઝોનમાં ૨૦, પૂર્વ ઝોનમાં ૨૮, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૨૮, ઉત્તર ઝોનમાં ૪૩, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૨૯, દક્ષિણ ઝોનમાં ૩૧, પશ્ચિમ ઝોનમાં ૮૧ અને રિવરફ્રન્ટ વિસ્તારમાં ૫ મળી કુલ ૩૦૩ ગાર્ડનનો સમાવેશ થાય છે.

જે અંતર્ગત ચાલુ વર્ષે પણ શહેરની ગ્રીનરીમાં વધારો થાય અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કટિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતા ને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વધુ એક ઓક્સિજન પાર્ક નું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, સ્ટે.કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિ. કમિશનર શ્રી એમ.થેન્નારસન

સહિત મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ - પદાધિકારીઓ તથા કોર્પોરેટરશ્રીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં ફી ન ભરવાના લીધે હેરાન કરતાં ૮મા ધોરણની વિદ્યાર્થીની આત્મહત્યા કરી

| (એજન્સી) સુરત, તા.૨૧ |

સુરતના ગોડાદરા વિસ્તારમાં એક વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. તે ગોડાદરા વિસ્તારમાં રહેતી હતી અને આદર્શ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ફી ન ભરવાને કારણે, શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીને બે દિવસ સુધી શૌચાલય પાસે ઉભો રાખ્યો. આઠમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની સાથે અનેક વખત આવા કૃત્યો કર્યા પછી, તેઓ તેના પર દબાણ કરતા રહ્યા. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યા બાદ પરિવારમાં અંધાધૂંધીનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. ધોરણ ૮ ની વિદ્યાર્થિની સાથે વારંવાર દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને પછી તેના પર દબાણ લાવવામાં આવ્યું. આખરે વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થીની આત્મહત્યાથી પરિવારમાં શોકનો માહોલ છે. હાલમાં ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

### મહીસાગરમાં એક મસ્જિદ પર લગાવેલા બધા લાઉડસ્પીકરો દૂર કરવામાં આવ્યા

| (એજન્સી) મહીસાગર, તા.૨૧ |

મહીસાગરમાં પોલીસે નિયમોના ઉલ્લંઘન સામે કાર્યવાહી કરી છે. લુણાવાડામાં મસ્જિદમાં લાઉડસ્પીકર વગાડવા સામે પોલીસે આ કાર્યવાહી કરી કારણ કે તે ધ્વનિ પ્રદૂષણ ફેલાવી રહ્યું હતું અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ઉલ્લંઘન કરી રહ્યું હતું.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, મહીસાગર પોલીસે જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરી છે. ધ્વનિ પ્રદૂષણ કાયદા અનુસાર, સુપ્રીમ કોર્ટની જોગવાઈઓ અનુસાર, ચોક્કસ ડેસિબલથી વધુ અવાજમાં સંગીત વગાડનારાઓ સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. આવી સ્થિતિમાં, નજીકની હોસ્પિટલો, શાળાઓ અને રહેવાસીઓ તરફથી ફરિયાદો મળ્યા બાદ, લુણાવાડામાં નહેરુ નિશા મસ્જિદ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. લુણાવાડામાં આવેલી નહેરુ નિશા મસ્જિદમાં સાત લાઉડસ્પીકર લગાવનારા અને વધુ લાઉડસ્પીકર વગાડનારાઓ સામે પોલીસે આ કાર્યવાહી કરી છે. મહીસાગર પોલીસે પાંચેય સમયે જોરથી ઘંટ વગાડનારાઓ સામે કાર્યવાહી કર્યા બાદ, આ વિસ્તારમાં ભારે ચર્ચા ચાલી રહી છે. આ પહેલા મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં નિઝામુદ્દીન કોલોનીમાં એક તકિયા મસ્જિદને પણ બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવી હતી. મસ્જિદને જમીનદોસ્ત કરવા માટે ત્રણ બુલડોઝર કામે લગાડવામાં આવ્યા હતા. આ સમય દરમિયાન ૨૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા.માહિતી અનુસાર, મહાકાલ મંદિરના વિસ્તરણ માટે અઢી હેક્ટર જમીન ખાલી કરવામાં આવી રહી હતી.

# દેવભૂમિ દ્વારકાના ૭ ટાપુ બન્યા દબાણ ફ્રી, ૩૬ ગેરકાયદે દબાણો દૂર કરાયા

| દેવભૂમિ દ્વારકા, તા.૨૧ |

છેલ્લા એક અઠવાડિયથી દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ગેરકાયદે દબાણો દૂર કરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે આજે દેવભૂમિ દ્વારકાના અલગ અલગ ૭ ટાપુઓ પર ગેરકાયદે ઊભા કરી દેવાયેલા દબાણોને સંપૂર્ણપણે હટાવી દેવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા ૩૬ ગેરકાયદે સ્ટ્રકચરલ દબાણ હટાવી સાત ટાપુઓ સંપૂર્ણ દબાણમુક્ત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારની સૂચના મુજબ વહીવટી તંત્રને સાથે રાખી પોલીસ દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવા માટે મેગા ડિમોલિશન ડ્રાઈવ ચલાવવામાં આવી છે.

અઠવાડિયાથી ચાલી રહેલી મેગા ડિમોલિશન ઝુંબેશમાં વહીવટી તંત્ર અને પોલીસ ખાતાના સંકલનમાં સંવેદનશીલ ગણાતા બન્ને જિલ્લાના દરિયાકાંઠા વિસ્તાર અને મધદરિયે આવેલા ટાપુઓ ઉપર ૨૭૧ રહેણાંક અને ૭ કોમશયલ તેમજ ૭ અન્ય મળી કુલ ૨૮૫ દબાણો દૂર કરીને ૪૭.૩૫ કરોડ કિંમતની કુલ ૮૬૩૯૧ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લો દેશની સુરક્ષાની દ્રષ્ટિએ ખુબ જ મહત્વ ધરાવે છે. અહિયાંથી દરિયાઈ માર્ગે દુશમન દેશ નજીક હોવાથી સરકાર દ્વારા દેશવિરોધી પ્રવૃતિઓ અટકાવવા માટે ખાસ ડિમોલિશનઝુંબેશ છેલ્લા બે વર્ષથી ચલાવવામાં આવી રહી છે અને ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫ બંદરો, ૫૫ લેન્ડીંગ પોઈન્ટ, ૩૪ ટાપુઓ, ૧૫ ફિશિંગ પોઈન્ટ અને ૧૧ જેટી વિસ્તારમાં અગાઉથી સર્વે કરીને દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી અને તેઓ કોઈ આધાર-પુરાવા નહીં આપી શકતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડિમોલિશનહાથ ધરવામાં આવ્યું હતું. જેમાં જામનગર જિલ્લામાં ૩ બંદરો, ૧૧ ટાપુઓ, ૧૧ લેન્ડિંગ પોઈન્ટ, ૩ જેટી અને ૬ ફિશિંગ પોઈન્ટનો સમાવેશ થાય છે. એ જ રીતે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨ પોર્ટ, ૨૩ આઈલેન્ડ, ૪૪ લેન્ડિંગ પોઈન્ટ, ૮ જેટી અને ૯ ફિશિંગ પોઈન્ટનો સમાવેશ થાય છે. જ્યાં પોલીસે વહીવટી તંત્રને સાથે રાખીને ૨૭૧ રહેણાંક અને ૭ કોમશયલ તેમજ ૭ અન્ય મળી કુલ ૨૮૫ દબાણો દૂર કરી ૪૭.૩૫ કરોડ કિંમતની કુલ ૮૬૩૯૧ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

કોઈ જગ્યાએ દબાણ થતું હોય અથવા થયેલું હોય તો એ અંગે પોલીસને માહિતી આપવા પણ લોકોને રાજકોટ રેન્જ આઈજી દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

## પશ્ચિમ રેલ્વે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| અમદાવાદ, તા.૨૧ |

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને મુસાફરીની માંગને પહોંચી વળવા માટે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ-

★ ટ્રેન નં. ૦૯૪૬૨/૦૯૪૬૧ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ (૨ ટ્રિપ)

ટ્રેન નં. ૦૯૪૬૨ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫, શુક્રવારના રોજ અમદાવાદથી ૨૦.૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૪.૨૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૬૧ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫, શનિવારના રોજ બાંદ્રા ટર્મિનસથી ૦૫ઃ૩૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૩ઃ૪૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ઉધના, વલસાડ, વાપી, દહાણુ રોડ અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૬૨ અને ૦૯૪૬૧ માટે બુકિંગ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### અમદાવાદ જિલ્લા ડિઝાસ્ટર સેલ દ્વારા કરાયું આયોજન

## અમદાવાદ જિલ્લાની ૪૦થી વધુ સરકારી પ્રાથમિક શાળામાં 'શાળા સલામતી સપ્તાહ'નું આયોજન

### કુદરતી આપત્તિ સમયે સાવચેતીના પગલે શું કરવું તેની વિદ્યાર્થીઓને સમજણ અપાઈ



| અમદાવાદ, તા.૨૧ |

રાજ્યભરમાં 'શાળા સલામતી સપ્તાહ ૨૦૨૫'નો પ્રારંભ થયો છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ (GSDMA) અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫ જાન્યુઆરી સુધી રાજ્યમાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરાશે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાની ૪૦થી વધુ શાળાઓમાં ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર સેલ દ્વારા જિલ્લા શિક્ષણ તંત્રના સહયોગથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને કુદરતી આપત્તિ સમયે સાવચેતીના ભાગરૂપે શું તકેદારી રાખવી તેની સમજણ આપવામાં આવી હતી. શાળાઓમાં ભૂકંપ, આગ, અકસ્માત, પૂર અને શોર્ટ સર્કિટ જેવા વિષયો પર સેફ્ટી અંગે નિદર્શન અપાયું હતું. આ ઉપરાંત NDRF/SDRF નું રેસ્ક્યુ નિદર્શન અને પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવ્યું હતું. વધુમાં શાળાના શિક્ષકો અને વાલીઓને પણ સંભવિત આપદા સામે જાગૃત કરી બચાવ કામગીરી અંગે સમજાવાયું હતું તથા આરોગ્ય વિષયક તાલીમ પણ આપવામાં આવી હતી. આ પ્રકારે અમદાવાદ જિલ્લાની અન્ય શાળાઓમાં પણ 'શાળા સલામતી સપ્તાહ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ચિત્ર, વકૃત્વ અને નિબંધ સ્પર્ધાઓનું પણ આયોજન કરાઈ રહ્યું છે.

### ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા ૫૮ માર્ગો અપગ્રેડ કરાશે

| (એજન્સી) અમદાવાદ, તા.૨૧ |

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને ગતિશીલ બનાવીને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાના અભિગમ સાથે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના કુલ ૫૮ હયાત માર્ગોના અપ ગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગના કામો માટે ?૨૨૬૮.૯૩ કરોડ મંજૂર કર્યા છે. આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને 'વોકલ ફોર લોકલ' ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ સુધરશે. રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સારો અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે. જેના લીધે મુસાફરોની સમય અને ખર્ચ ઘટશે. આ સાથે સાથે કનેક્ટિવિટી વધવાથી પ્રવાસન સ્થળોની આસ પાસના વિસ્તારના લોકો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે અને આર્થિક વિકાસ થશે.

### ૪૦૪ આંગણવાડીનાં બહેનો કાર્યક્રમમાં સહભાગી થયાં

## આંગણવાડીની મહિલાઓ દ્વારા મિલેટ વાનગી સ્પર્ધા અમદાવાદ ખાતે યોજાઈ

### અમરાઈવાડીના ધારાસભ્ય ડો. હસમુખભાઈ પટેલના હસ્તે માતા યશોદા એવોર્ડ તેમજ વાનગી સ્પર્ધા વિજેતાઓને એવોર્ડ એનાયત કરાયા

| અમદાવાદ, તા.૨૧ |



અમદાવાદ ખાતે આંગણવાડીની બહેનો દ્વારા પોષણ ઉત્સવ ૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પોષણ ઉત્સવ અંતર્ગત ટેક હોમ રાશન અને મિલેટ્સમાંથી આંગણવાડીની બહેનો દ્વારા વિવિધ વાનગીઓ બનાવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પોષણ ઉત્સવ -૨૦૨૪ કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

વાનગી સ્પર્ધામાં ૪૦૪ આંગણવાડી (પૂર્વ ઝોન) પૈકી સેજા લેવલે ટેક હોમ રાશન (THR) અને મિલેટ્સમાંથી બનેલ કુલ ૯૦ વિજેતા વાનગીઓ વચ્ચે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી ત્રણેય ઘટકના મિલેટ્સની ૩-૩ અને ટેક હોમ રાશન (THR)ની ૩-૩ વિજેતા વાનગી જાહેર કરવામાં આવી હતી. આ આંગણવાડીની વાનગી સ્પર્ધામાં જીતેલી ૧૮ વાનગીઓને આગળ જિલ્લા કક્ષાએ સ્પર્ધામાં મોકલવામાં આવશે. આ ઉપરાંત ત્રણેય ઘટકની આંગણવાડીના વર્ષ ૨૦૨૧-૨૨ વર્ષના માતા યશોદા એવોર્ડ અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી ડૉ. હસમુખ પટેલ અને હાઉસિંગ સોસાયટીના ચેરમેન શ્રી મુકેશ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ કુલ ૬ બહેનોને એનાયત કરવામાં આવ્યાં હતાં. સાથેજ મહાનુભાવોએ આંગણવાડી બહેનો તથા બાળાઓ દ્વારા રજૂ કરાયેલ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળ્યો હતો.

અત્રે ઉલ્લખનીય છે કે, બદલાતા સમયની સાથે બદલાતી વાનગીઓ વચ્ચે આંગણવાડીની બહેનો દ્વારા વિસરાતી વાનગીઓને જીવંત રાખવા માટે પોષણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આંગણવાડીની બહેનો દ્વારા આ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ વાનગીઓ ખાસ કરીને આંગણવાડીમાં સરકારશ્રી દ્વારા મળતા બાલશક્તિ, પૂર્ણા શક્તિ અને મિલેટ્સમાંથી તૈયાર કરવામાં આવી હતી. જેમાં કોદરીની ખીચડી, મિલેટ્સના પાસ્તા, ફેક્રી, ખાખરા, બાજરીના પિત્ઝા, રાગીના લાડું, બીટના લાડું, થાલી પીઠ, મકાઈના ઢોંસા જેવી વિવિધ ૧૦૦થી વધુ વાનગીઓ બનાવવામાં આવી હતી. કાર્યક્રમને અંતે મુખ્ય અતિથિઓએ તેમજ અન્ય મહેમાનશ્રીઓએ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

# રાજ્યમાં ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓએ મોબાઈલ મેડિકલ વાન યોજનાનો લાભ લીધો

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ |

રાજ્યમાં ''મોબાઈલ મેડિકલ વાન'' યોજના થકી માસિક સરેરાશ ૨૦૦૦થી વધુ પ્રતિવાન શ્રમયોગીઓની તબીબી તપાસ અને સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૩૧ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોએ આ યોજનાનો લાભ લીધો છે. કોરોના મહામારી દરમિયાન મોબાઈલ મેડિકલ વાન દ્વારા રાજ્યના તમામ નાગરિકોના હિતાર્થે જરૂરી ટેસ્ટ તેમજ દવાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું, તેમ શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું. મંત્રી રાજપુતે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગી પરિવારોની તબીબી સુરક્ષા માટે ગુજરાત સરકારે ''મોબાઈલ મેડિકલ વાન'' યોજના શરૂ કરી શ્રમિકોના સ્વાસ્થ્ય માટે નવી કેડી કંડારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હાલમાં કાર્યરત ૨૪ મોબાઈલ મેડિકલ વાન દ્વારા વાર્ષિક ૬ લાખથી વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ-સારવાર આપવામાં આવી રહી છે.

જેમાં બ્લડ ટેસ્ટ, પ્રેગ્નન્સી ટેસ્ટ, હિમોગ્લોબીન, લેબોરેટરી તપાસ, ડાયાબીટીસ, બ્લડ કાઉન્ટ જેવી વિવિધ તપાસ-સારવારનો સમાવેશ કરાયો છે. જેમાં તપાસ દરમિયાન વધુ સારવાર લેવાની થાય તો શ્રમયોગી નજીકની સરકારી હોસ્પિટલમાં જઈને સારવાર મેળવી શકે છે.

મંત્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, ગુજરાતના દરેક સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને આરોગ્યનું કવચ પૂરું પાડવું એ રાજ્ય સરકારનો મુખ્ય ધ્યેય છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી રાજ્યના વધુમાં વધુ શ્રમયોગીઓને ''મોબાઈલ મેડિકલ વાન'' યોજનાનો લાભ પહોચાડવા માટે આગામી સમયમાં જરૂરિયાત અનુસાર વધુ મોબાઈલ મેડિકલ વાન શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રમયોગી પરિવારોને વિનામૂલ્યે પ્રાથમિક તબીબી તપાસ, સારવાર અને જરૂરિયાત મુજબની દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે.

આ મોબાઈલ મેડિકલ વાન હાલમાં અમદાવાદ, મહેસાણા, સુરત, હિંમતનગર, ગાંધીનગર, જૂનાગઢ, વાપી, વડોદરા, આણંદ-ખેડા, ગાંધીધામ, ભાવનગર, મોરબી, વલસાડ, વાપી, નવસારી તથા રાજકોટ તેમજ આજુબાજુની જીઆઈડીસીમાં કાર્યરત છે. આ યોજનાની સફળતા જોતા હાલમાં ૨૪ મોબાઈલ મેડિકલ વાન ઉપરાંત વધુ ૬ મેડિકલ વાન થકી વધુમાં વધુ શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને યોજનાનો લાભ આપવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાંથી રોજગારી માટે અનેક શ્રમયોગી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. શહેરોમાં વસતા ગીચ વસવાટના કારણે આ શ્રમયોગીઓને કેટલીક વખત આરોગ્યલક્ષી પ્રાથમિક સુવિધાઓનો અભાવ રહે છે, જેના કારણે તેઓ અનેક રોગોના ભોગ બનતા હોય છે. જે અંતર્ગત શ્રમયોગીઓ અને તેમના આશ્રિતો તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે એવા શુભ આશય સાથે ગુજરાતમાં વર્ષ ૨૦૧૫-૧૬માં ''મોબાઈલ મેડિકલ વાન યોજના'' શરૂ કરવામાં આવી હતી.